RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 377 Dt. 22-07-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

### PM નિવાસસ્થાન બહાર હાઈ વોલ્ટેજ ડ્રામા

# રાહુલ-પ્રિયંકા-અખિલેશની અટકાયત

## રાહુલ ગાંધી પીએમ મોદી અને ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી સાથે ધરણા પર બેઠા'તા,દિલ્હી પોલીસે બળજબરીથી વિરોધ સ્થળ પરથી કર્યા દૂર

નવીદિલ્હી, તા. ૨૧

''સાંસદ ચલો માર્ચ'' પછી, કોકરોચ જનતા પાર્ટીને હવે વિવિધ વિપક્ષી રાજકીય પક્ષો તરફથી મજબૂત સમર્થન મળી રહ્યું છે. સમાજવાદી પાર્ટી (SP) ના નેતા ડિમ્પલ યાદવ અને આમ આદમી પાર્ટી (AAP) ના વડા અરવિંદ કેજરીવાલ પછી, હવે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, જે લોકસભામાં વિપક્ષના નેતા છે, પણ વિદ્યાર્થીઓના અવાજમાં જોડાયા છે. રાહુલ ગાંધી મંગળવારે સાંજે લગભગ ૩:૪૦ વાગ્યે તેમના સાંસદો સાથે વડા પ્રધાનના નિવાસસ્થાનની બહાર પહોંચ્યા અને પીએમ મોદીના રાજીનામાની માંગણી સાથે ધરણા શરૂ કર્યા. તેમની સાથે તેમની બહેન અને સાંસદ પ્રિયંકા ગાંધી, તેમજ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે પણ હતા. વડાપ્રધાનના નિવાસસ્થાનની બહાર ત્રણ કલાક સુધી હાઇ-વોલ્ટેજ ડ્રામા ચાલ્યો. પોલીસ કર્મચારીઓએ રાહુલ ગાંધીને દૂર કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમણે હળવો ઇનકાર કર્યો. ત્યારબાદ, સાંજે લગભગ ૬:૩૦ વાગ્યે, પોલીસે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિત અનેક



કોંગ્રેસ સાંસદોની અટકાયત કરી. અગાઉ, રાહુલ ગાંધી વડા પ્રધાનના નિવાસસ્થાનની બહાર ધરણા પર બેઠા હતા. પ્રિયંકા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને અનેક કોંગ્રેસના સાંસદો તેમની સાથે વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. તેમણે જનતાને પણ વિરોધ પ્રદર્શનમાં જોડાવા માટે અપીલ કરી હતી. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું હતું કે વિદ્યાર્થીઓ પર હુમલો એ દરેક ભારતીય પરિવાર પર હુમલો છે.

લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ કહ્યું કે વડા પ્રધાન મોદી વિચારે છે કે તેઓ જવાબ આપ્યા વિના, પરિણામોનો સામનો કર્યા વિના છટકી શકે છે - તેઓ કરી શકશે નહીં. ચોક્કસપણે આ વખતે નહીં. તેમણે કહ્યું, હું દરેક દેશભક્ત ભારતીયને અપીલ કરું છું જે માને છે કે આપણા વિદ્યાર્થીઓ ન્યાયને પાત્ર છે - વડા પ્રધાનના નિવાસસ્થાન સામેના અમારા વિરોધમાં જોડાઓ.'' અગાઉ, રાહુલે ટ્વિટ કર્યું હતું કે, ''ભારતના વિદ્યાર્થીઓના અવાજને અવગણી શકાય નહીં. શાંતિપૂર્ણ વિરોધ એક અવિભાજ્ય અને મૂળભૂત અધિકાર છે. નિર્દોષ ભારતીય વિદ્યાર્થીઓ પર હુમલો કરવાના આદેશોનું આંધળું પાલન કરનારા દરેક પોલીસ અધિકારી અને સરકારી કર્મચારીએ આ યાદ રાખવું જોઈએ. બંધારણ તમારો માલિક છે. સત્તા કાયમ રહેતી નથી. જવાબદારી ચોક્કસપણે નિશ્ચિત રહેશે.

દિલ્હીના લોક કલ્યાણ માર્ગ વિસ્તારમાં વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસની સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાને દિલ્હી પોલીસે અટકાયત કરી છે. તેઓ વિપક્ષી નેતાઓ અને કોંગ્રેસના કાર્યકરો સાથે કેન્દ્ર સરકાર વિરુદ્ધ ચાલી રહેલા પ્રદર્શનમાં જોડાયા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન મોટી સંખ્યામાં પોલીસ અને પેરામિલિટરી દળોને તૈનાત કરવામાં આવ્યા હતા. સુરક્ષા કારણોસર પોલીસે પ્રદર્શનકારીઓને હટાવવાની કાર્યવાહી હાથ ધરી હતી, જેમાં પ્રિયંકા ગાંધીને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યા. પોલીસે રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ સહિતના વિપક્ષી નેતાઓની અટકાયત કરીને ધરણાસ્થળને સંપૂર્ણપણે ખાલી કરાવી દીધું હોવાનું જાણવા મળ્યું છે.

# આયાત બિલમાં ૬૧ ટકાનો વધારો

રાજકોટ, તા. ૨૧

ક્રૂડ ઓઇલના વધતા ભાવે ભારતની આર્થિક ચિંતાઓમાં વધારો કર્યો છે. એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં તેલ આયાત બિલ ૬૧% વધીને ૪૯.૮ બિલિયન થયું છે. ઓછું તેલ ખરીદવા છતાં, આંતરરાષ્ટ્રીય ભાવોએ આયાત ખર્ચમાં વધારો કર્યો છે. ત્રણ મહિનામાં ક્રૂડ ઓઇલની આયાત ૫૯.૮ મિલિયન ટન થઈ છે, જે વોલ્યુમમાં ૪% ઘટાડો દર્શાવે છે. જૂનમાં આયાતમાં ૭% ઘટાડો થયો હોવા છતાં, આયાત બિલ ૪૮% વધીને ૧૪.૭ બિલિયન થયું છે. યુએસ-ઈરાન યુદ્ધ દરમિયાન ક્રૂડ ઓઇલના ભાવ ઊંચા રહ્યા. ભારત તેની ક્રૂડ ઓઇલની જરૂરિયાતના ૮૫% થી વધુ વિદેશથી આયાત કરે છે. જો તેલના ભાવ ઊંચા રહે છે, તો આયાત બિલ, ચાલુ ખાતાની ખાધ અને ફુગાવામાં વધારો થવાની ધારણા છે. બેરલ દીઠ દરેક ૧ નો વધારો ભારત પર વાર્ષિક આશરે ૨ બિલિયનનો વધારાનો બોજ લાદે છે. ક્રૂડ ઓઇલના ભાવમાં આ વધારો અર્થતંત્ર અને સરેરાશ ગ્રાહક બંને પર દબાણ વધારી શકે છે.

આયાત બિલમાં વધારાનું સૌથી મોટું કારણ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર વધારો હતો. એપ્રિલ અને મે દરમિયાન, બ્રેન્ટ ક્રૂડ ઓઇલનો ભાવ ઘણી વખત પ્રતિ બેરલ ૧૦૦ થી ઉપર પહોંચી ગયો હતો.

નિષ્ણાતોના મતે, અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા લશ્કરી તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે તેલના ભાવમાં વધારો થયો હતો. આ માર્ગને વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ પરિવહન માર્ગોમાંનો એક માનવામાં આવે છે. ત્યાં કોઈપણ વિક્ષેપ વૈશ્વિક તેલ બજાર પર અસર કરે છે.

ભારત તેની કાચા તેલની જરૂરિયાતના ૮૫% થી વધુ વિદેશથી આયાત કરે છે. તેથી, તેલના ભાવમાં થોડો વધારો પણ દેશના અર્થતંત્ર પર નોંધપાત્ર અસર કરે છે. જો કાચા તેલના ભાવ



ક્રૂડ ઓઈલના વધતા ભાવથી ભારતની વધી ચિંતા

લાંબા સમય સુધી યથાવત રહે છે, તો તે ભારતના આયાત બિલ, ચાલુ ખાતાની ખાધ અને ફુગાવામાં વધારો કરી શકે છે. ભારત વાર્ષિક આશરે ૧.૮ થી ૨ અબજ બેરલ કાચા તેલની આયાત કરે છે. તેથી, જો તેલના ભાવ પ્રતિ બેરલ ૧ વધે છે, તો દેશના આયાત બિલમાં દર વર્ષે આશરે ૨ અબજનો વધારો થઈ શકે છે.

એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ભારતના કાચા તેલના આયાત બિલમાં ૬૧% વધારો થઈને ૪૯.૮ અબજ થયું છે, જ્યારે આયાતનું પ્રમાણ ૪% ઘટ્યું છે. આ મુખ્યત્વે અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ઊંચા ભાવને કારણે હતું.

**ચાર ભારતીયોના મૃત્યુ અંગે**

# MEAએ રશિયન અધિકારીને પાઠવ્યું સમન્સ

## યુક્રેનના ઓડેસા બંદર નજીક એમવી ગોલ્ડન લીઓ જહાજ પર થયેલા હુમલામાં ચાર ભારતીયોના મોત

નવીદિલ્હી, તા. ૨૧

યુક્રેનના ઓડેસા બંદરથી રવાના થઈ રહેલા કોમર્શિયલ કાર્ગો જહાજ એમવી ગોલ્ડન લીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ચાર ભારતીય નાગરિકોના મોત થયા હતા, જ્યારે એક ભારતીયની હાલત ગંભીર છે. ભારતે આ ઘટના પર પોતાનો રોષ વ્યક્ત કર્યો છે. વિદેશ મંત્રાલયે મંગળવારે રશિયન ચાર્જ ડી'અફેર્સને બોલાવીને આકરો વિરોધ નોંધાવ્યો હતો. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, એમવી ગોલ્ડન લીઓ નામના આ જહાજ પર ૧૯ જુલાઈની સાંજે હુમલો કરવામાં આવ્યો હતો. આ જહાજ ઓડેસા બંદરથી રવાના થઈ રહ્યું હતું. ઘટના સમયે પાંચ ભારતીય નાગરિકો સહિત કુલ ૧૭ ક્રૂ સભ્યો સવાર હતા.

આ ઘટના પર ગંભીર ચિંતા વ્યક્ત કરતા, વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે કોમર્શિયલ જહાજોને નિશાન બનાવવું અને નિર્દોષ નાગરિકોના જીવનને જોખમમાં મૂકવું સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. વિદેશ મંત્રાલયે નવી દિલ્હીમાં



રશિયાના ચાર્જ ડી'અફેર વ્લાદિમીર લાદાનોવને સમન્સ પાઠવ્યા હતા. મંત્રાલયે જહાજ પરના હુમલાની નિંદા કરી હતી અને તેના નાગરિકોના મૃત્યુ માટે જવાબદારીની માંગ કરી હતી. મંત્રાલયે જણાવ્યું હતું કે આવા હુમલાઓ આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપારની સુરક્ષા, સ્થિરતા અને સલામત હિલચાલને નબળી પાડે છે. ભારતે જણાવ્યું હતું કે વાણિજ્યિક જહાજોને નિશાન બનાવવું અને નિર્દોષ નાગરિક ક્રૂના જીવનને જોખમમાં મૂકવું ખૂબ જ નિંદનીય છે. ભારતે પુનરોચ્ચાર કર્યો હતો કે આવા હુમલાઓ ટાળવા જોઈએ અને દરિયાઈ માર્ગો દ્વારા વેપાર અને શિપિંગમાં કોઈ વિક્ષેપ ન થવો જોઈએ. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે યુક્રેનમાં ભારતીય દૂતાવાસ ઘટનાક્રમ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને અસરગ્રસ્તોને શક્ય તમામ સહાય પૂરી પાડી રહ્યું છે. મંત્રાલયે મૃતક ભારતીય નાગરિકોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી હતી. યુક્રેનિયન વિદેશ પ્રધાન એન્ડ્રી ત્સિબિહાએ અહેવાલ આપ્યો હતો કે રવિવારે રશિયાએ યુક્રેનિયન જળસીમામાંથી પસાર થઈ રહેલા સીરિયન અને ભારતીય નાગરિકોના બનેલા નાગરિક જહાજ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ચાર ભારતીયો માર્યા ગયા હતા, જે રશિયા-યુક્રેન સંઘર્ષમાં ભારતીય ખલાસીઓનું પ્રથમ મૃત્યુ છે. યુક્રેનિયન વાયુસેનાએ જણાવ્યું હતું કે ગિની-બિસાઉ-ધ્વજવાળા જહાજ પર રશિયન ક્રુઝ મિસાઈલો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. યુક્રેનિયન વાયુસેનાએ જણાવ્યું હતું કે રશિયન સૈન્યએ ત્રણ Kh-59/Kh-69 ક્રુઝ મિસાઈલો ચલાવી હતી. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે રશિયા અને યુક્રેન વચ્ચે સંઘર્ષ સતત વધી રહ્યો છે.

# વિદ્યાર્થીઓને ઉશ્કેરવાને બદલે માર્ગદર્શન આપો



નવીદિલ્હી, તા. ૨૧

NEET પેપર લીક અને તેના પરિણામે થયેલા હોબાળા વચ્ચે, ડખ મોદીએ એક મહત્વપૂર્ણ સંદેશ આપ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંગળવારે NDA સંસદીય પક્ષની બેઠકમાં હાજરી આપી હતી, જેને ''મંગલ મિલન'' કહેવામાં આવ્યું હતું. બેઠકમાં, PM મોદીએ NDA સાંસદોને વિદ્યાર્થીઓને ઉશ્કેરવાને બદલે સાચા માર્ગ પર માર્ગદર્શન આપવા અપીલ કરી હતી. NEET પેપર લીક પર દિલ્હીમાં થયેલા મોટા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનના એક દિવસ પછી તેમણે આ નિવેદન આપ્યું હતું. સંસદમાં લાઈબ્રેરી બિલ્ડીંગના GMC બાલયોગી ઓડિટોરિયમમાં NDA સંસદીય પક્ષની બેઠકને સંબોધતા, PM મોદીએ કહ્યું, ''ખોટા રસ્તે જવું સહેલું છે, પરંતુ સાચા રસ્તે પાછા ફરવું વધુ મુશ્કેલ છે, અને આપણે તેમને સાચા રસ્તે પાછા લાવવા પડશે. આ અમારી જવાબદારી છે.''

''મંગલ મિલન'' તરીકે ઓળખાતી NDA સંસદીય પક્ષની બેઠકમાં PM મોદી અને અમિત શાહ સહિત તમામ મંત્રીઓ અને NDA સાંસદોએ હાજરી આપી હતી. ''મંગલ મિલન'' બેઠક પૂર્ણ થયા પછી, કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ પ્રધાનમંત્રીના ભાષણનો ઝાંખી આપ્યો. કિરેન રિજિજુના જણાવ્યા અનુસાર, PM મોદીએ પેપર લીક મુદ્દા પર વિસ્તૃત વાત કરી. સાંસદોને સંબોધતા તેમણે કહ્યું કે પેપર લીક ફરી ન થવું જોઈએ અને કોઈપણ વિદ્યાર્થીના ભવિષ્ય પર અસર ન થવી જોઈએ. પીએમ મોદીએ પેપર લીકમાં સામેલ લોકો માટે કડક સજાનું પણ વચન આપ્યું હતું.

**વડાપ્રધાન મોદીએ NDA સંસદીય પક્ષની બેઠકમાં આપ્યો સંદેશ**

કિરેન રિજિજુએ વધુમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીએ ગઉઅ સાંસદોને જાણ કરી હતી કે NEET પુનઃપરીક્ષાને પ્રાથમિકતા આપવામાં આવી છે અને વિદ્યાર્થીઓના ભવિષ્ય પર અસર ન થાય તે માટે વિલંબ કર્યા વિના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે.

મંગલ મિલન સભામાં સાંસદોને સંબોધતા, પીએમ મોદીએ NEET પેપર લીક પર લગભગ પાંચ મિનિટ સુધી વાત કરી. આ દરમિયાન, તેમણે સાંસદોને કહ્યું કે આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે અને પેપર લીક કેસમાં સંડોવાયેલા લોકોને બક્ષવામાં આવશે નહીં. ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓના સંસદ કૂચના એક દિવસ પછી પીએમ મોદીનું નિવેદન આવ્યું છે. કોંગ્રેસના નેતાઓ પ્રતીકાત્મક હાથકડી પહેરીને વિરોધ કરી રહ્યા છે. કોંગ્રેસના નેતાઓએ સીધા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના રાજીનામાની માંગ કરી છે. રાહુલ ગાંધીએ કહ્યું, ''અમે સોમવારે વિદ્યાર્થીઓ પર થયેલા અત્યાચારનો જવાબ માંગવા માટે વડા પ્રધાન મોદીના ઘર તરફ કૂચ કરી રહ્યા છીએ. સરકાર ન તો જવાબદારી લેવા માંગે છે કે ન તો સંસદમાં તેની ચર્ચા કરવા માંગે છે. ભારતના યુવાનોના ભવિષ્યને બરબાદ કરવા બદલ વડા પ્રધાન અને ગૃહમંત્રીએ રાજીનામું આપવું જોઈએ.''

# મનપાની શિથિલતા : ઈમ્પેક્ટની ૪૩ ટકા અરજી અટવાઈ

## ૬૮૦૦થી વધુ અરજીઓ ખાઈ છે ધૂળ : ત્રણેય ઝોનમાંથી કુલ ૧૫,૬૧૫ અરજીઓ , ૫૪૪૯ મંજૂર



રાજકોટ, તા. ૨૧

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં અનધિકૃત બાંધકામ નિયમિત કરવા અંગેની 'ગૂડા-૨૦૨૨' (GUDA-૨૦૨૨) યોજના હેઠળ શહેરીજનો દ્વારા મોટા પ્રમાણમાં અરજીઓ કરવામાં આવેલ છે. નાગરિકોના હિત અને અનધિકૃત બાંધકામોને કાયદેસરની મંજૂરી મળી રહે તે હેતુથી મહાનગરપાલિકાના ત્રણેય ઝોન (પશ્ચિમ, સેન્ટ્રલ અને પૂર્વ) દ્વારા આ કામગીરી સઘન રીતે હાથ ધરવામાં આવી રહી છે. ઈમ્પેક્ટ હેઠળ રાજકોટ મહાનગરપાલિકાને ત્રણેય ઝોનમાંથી કુલ ૧૫,૬૧૫ અરજીઓ પ્રાપ્ત થયેલ છે. જેમાં પશ્ચિમ ઝોનમાં ૭૦૭૯,સેન્ટ્રલ ઝોનમાં ૫૪૧૨ તથા પૂર્વ ઝોનમાં ૩૧૨૪ અરજીઓ આવી છે. કુલ અરજીઓ પૈકી ૫૪૪૯ અરજીઓ મંજૂર કરવામાં આવી છે જ્યારે ૩૩૫૮ અરજીઓ ના મંજૂર કરવામાં આવી છે અને ૬૮૦૮ અરજીઓ આજે પણ પેન્ડિંગ પડેલી છે.

હાલમાં કુલ ૬,૮૦૮ અરજીઓ પડતર રહેલ છે. આ અરજીઓ પડતર રહેવા પાછળના અનેકવિધ કારણો સામે આવ્યા છે જેમાં મહાનગરપાલિકા દ્વારા જે-તે સમયે અરજદારોને દસ્તાવેજો કે બાંધકામ સંબંધિત ક્ષતિઓ સુધારવા માટે ક્ષતિપૂર્તતા પત્ર પાઠવવામાં આવેલ છે, પરંતુ અરજદારો દ્વારા તેનો યોગ્ય કે સમયસર પ્રતિસાદ આપવામાં આવ્યો નથી.પડતર રહેલી મોટા ભાગની અરજીઓ નિયમોનુસાર મંજૂરીને પાત્ર છે, પરંતુ માત્ર અરજદાર દ્વારા જરૂરી કાગળો/દસ્તાવેજો રજૂ ન થવાના કારણે આ અરજીઓ આખરી મંજૂર કરી શકાઈ નથી. જાહેરહિતને ધ્યાનમાં રાખીને તથા વધુને વધુ નાગરિકો આ યોજનાનો લાભ લઈ શકે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગૂડા-૨૦૨૨ ની સમયમર્યાદામાં સમયાંતરે વધારો કરવામાં આવ્યો છે. સરકારના ૧૫ જૂન ૨૦૨૬ના નોટિફિકેશન અનુસાર આ યોજનાની સમયમર્યાદામાં વધુ ૬ માસનો વધારો કરવામાં આવ્યો છે.

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં અનધિકૃત બાંધકામોને કાયદેસર કરવા માટે લાવવામાં આવેલી 'ગૂડા-૨૦૨૨' (GUDA-૨૦૨૨) યોજના મનપા તંત્રની ઢીલી નીતિ અને સદંતર નિષ્ફળ આયોજનને કારણે ખાડે ગઈ હોય તેમ લાગી રહ્યું છે. કરોડો રૂપિયાના અનધિકૃત બાંધકામોને નિયમિત કરવાના બહાને માત્ર મુદ્દતો લંબાવીને કાગળ પર પ્રક્રિયા ચલાવવામાં આવી રહી છે, પરંતુ વાસ્તવિક નિકાલ કરવામાં તંત્ર સાવ નિષ્ફળ નીવડ્યું છે. હાલમાં આશરે ૬,૮૦૮ જેટલી મોટી સંખ્યામાં અરજીઓ પડતર રહેવા પાછળ મનપાનું નબળું વહીવટી માળખું અને અરજદારોની ગંભીર બેદરકારી જવાબદાર છે.

મનપા દ્વારા ક્ષતિપૂર્તતા પત્રો પાઠવ્યા બાદ કોઈ નક્કર ફોલો-અપ લેવામાં આવ્યું નથી. અરજદારોને રૂબરૂ બોલાવી કે સ્પેશિયલ ઝુંબેશ ચલાવી કાગળો પૂરા કરાવવામાં તંત્ર નિષ્ફળ ગયું છે. અરજીઓ મંજૂરીને પાત્ર હોવા છતાં, માત્ર દસ્તાવેજો રજૂ કરવામાં અરજદારો દ્વારા દાખવવામાં આવતી આળસ અને બેદરકારીને કારણે પ્રક્રિયા અટકી પડી છે. સરકાર દ્વારા યોજનાની મુદતમાં વારંવાર વધારો કરવામાં આવી રહ્યો છે. ૧૫ જૂન ૨૦૨૬ ના નોટિફિકેશનથી વધુ છ માસનો વધારો આપવામાં આવ્યો છે. વારંવાર સમયમર્યાદા લંબાવવાને કારણે નાગરિકોમાં ગંભીરતા રહી નથી અને મનપાના અધિકારીઓ પણ આળસુ બની કામગીરી પેન્ડિંગ રાખવાના બહાના શોધી રહ્યા છે. ''સરકાર સમય આપે જ છે'' તેવા માનસિક અભિગમને કારણે અનધિકૃત બાંધકામોનો વિવાદ અનંતકાળ સુધી લંબાતો જાય છે.

# જંગલેશ્વર ડિમોલિશનના કરોડોના ખર્ચનો સત્તાવાર હિસાબ જાહેર

રાજકોટ, તા. ૨૧

રાજકોટ મહાનગરપાલિકા (RMC) દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો અને બાંધકામો દૂર કરવા માટે હાથ ધરવામાં આવેલું મેગા ડિમોલિશન ઓપરેશન વહીવટી અને નાણાકીય દ્રષ્ટિએ ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે. આ કામગીરી પાછળ કરદાતાઓના કરોડો રૂપિયાનો ધુમાડો થયો હોવાના ગંભીર આક્ષેપો સાથે વિપક્ષી કોર્પોરેટરો અને સભ્યો દ્વારા જનરલ બોર્ડમાં લેખિત પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. આ પ્રશ્નોના જવાબમાં આજે યોજાયેલી RMC ની જનરલ બોર્ડની બેઠકમાં મનપાના જવાબદાર અધિકારીઓએ જંગલેશ્વર ઓપરેશન પાછળ થયેલા કુલ ખર્ચનો સત્તાવાર ચોપડો ખુલ્લો મુક્યો હતો. અધિકારીઓએ જનરલ બોર્ડ સમક્ષ આપેલી સત્તાવાર માહિતી અનુસાર, સમગ્ર જંગલેશ્વર ડિમોલિશન ઓપરેશન દરમિયાન કુલ રૂ. ૨.૭૨ કરોડથી લઈને ૨.૭૩ કરોડ સુધીનું આંકડાકીય બિલ બન્યું છે. મોટા પાયે કરાયેલી આ કાર્યવાહીમાં વિવિધ સાધનો, સુરક્ષા અને વ્યવસ્થા પાછળ થયેલા ખર્ચની વિગતો જાહેર કરવામાં આવી હતી.

ઓપરેશન દરમિયાન મિલકતો અને પાકા બાંધકામોને જમીનદોસ્ત કરવા માટે મોટા પ્રમાણમાં જેસીબી (JCB), હિટાચી, જેક હેમર અને હાઇ-ટેક કટર મશીનો ઉપયોગમાં લેવાયા હતા. આ મશીનરીનું ભાડું અને ઓપરેટિંગ ચાર્જ સૌથી વધુ એટલે કે રૂ. ૧.૪૭ કરોડ નોંધાયો છે. ડિમોલિશન દરમિયાન સ્થળ પર કોઈ અણબનાવ કે વિવાદ ન સર્જાય તેમજ ભવિષ્યમાં કોર્ટ કાર્યવાહી વખતે મજબૂત પુરાવા તરીકે ઉપયોગ કરી શકાય તે માટે સમગ્ર કામગીરીનું બારીકાઈથી શૂટિંગ કરવામાં આવ્યું હતું. આ વીડિયોગ્રાફી પાછળ રૂ. ૨૮.૦૫ લાખનો ખર્ચ થયો છે. કામગીરી દરમિયાન સ્થળ પર વહીવટી નિયંત્રણ જાળવવા કંટ્રોલ રૂમ ઊભો કરાયો હતો તેમજ કડક તડકામાં સ્ટાફ અને અધિકારીઓ માટે છાંયડાની વ્યવસ્થાના ભાગરૂપે કરાયેલી મંડપ સર્વિસ પાછળ રૂ. ૯.૧૦ લાખ ચૂકવવામાં આવ્યા છે. આ ઉપરાંત ઓપરેશનમાં જોડાયેલા સ્ટાફ અને મજૂરોના રક્ષણ માટે ખરીદાયેલી હેલમેટ, સેફ્ટી એપ્રન, વાહનોના ડીઝલનો ખર્ચ, ઈલેક્ટ્રિક સુવિધાઓ, કાટમાળ ખસેડવા માટે ડમ્પરના ફેરા અને ટ્રાન્સપોર્ટેશનના અન્ય ખર્ચાઓનો પણ આ બિલમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા જનરલ બોર્ડ સમક્ષ એ વાતની કબૂલાત કરવામાં આવી હતી કે આ અતિ સંવેદનશીલ અને મોટા ઓપરેશન દરમિયાન સતત તૈનાત રહેલા મનપાના સ્ટાફ, વિશાળ પોલીસ કાફલા અને ખાનગી એજન્સીના માણસો માટે મંગાવવામાં આવેલા ભોજન અને નાસ્તાનું રૂ. ૨૭ લાખનું ફૂડ બિલ હજુ સુધી બાકી છે. અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે આ બિલ ચૂકવવાની પ્રશાસનિક પ્રક્રિયા હાલ ચાલુ છે. RMC ના સભાગૃહમાં જંગલેશ્વર ડિમોલિશનના આ સત્તાવાર આંકડાઓ જાહેર થતાં જ ભારે ચર્ચા-વિચારણા જોવા મળી હતી. વિપક્ષ દ્વારા ખર્ચની રકમ અને વહીવટી પ્રક્રિયા સામે સવાલો ઉઠાવવામાં આવ્યા હતા, જ્યારે શાસક પક્ષ અને તંત્ર દ્વારા આટલા મોટા મેગા ઓપરેશનને સફળતાપૂર્વક પાર પાડવા માટે આ ખર્ચ અનિવાર્ય હોવાનો બચાવ કરવામાં આવ્યો હતો.



**૨.૭૩ કરોડના બિલમાંથી ૨૭ લાખનું ફડ બિલ હજુ બાકી : કોંગ્રેસે ભાજપ પર કર્યા શાબ્દિક પ્રહારો**

# મનપામાં અધિકારીઓની ભારે તંગી

## ૧૮૪ માંથી ૫૦ જગ્યાઓ ખાલી, ૧૯ મહત્વના હોદ્દા માત્ર 'ચાર્જ' ભરોસે!

રાજકોટ, તા. ૨૧

મહાનગરપાલિકા/વિભાગમાં વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓની જગ્યાઓની વર્તમાન સ્થિતિ અંગેનો આ વિસ્તૃત અહેવાલ છે. સંસ્થામાં સુચારુ વહીવટ માટે નિયમિત અધિકારીઓનું હોવું અત્યંત જરૂરી છે, પરંતુ હાલમાં મોટા પ્રમાણમાં જગ્યાઓ ખાલી હોવા ઉપરાંત મુખ્ય હોદ્દાઓ પણ નિયમિત અધિકારીઓ વગર ચાર્જથી ચલાવવામાં આવી રહ્યા છે. સૌપ્રથમ જગ્યાઓની એકંદર સ્થિતિ પર નજર કરીએ તો, વર્ગ-૧ માં કુલ ૩૫ મંજૂર જગ્યાઓમાંથી માત્ર ૧૦ જગ્યાઓ ભરેલી છે અને ૨૫ જગ્યાઓ ખાલી છે. જ્યારે વર્ગ-૨ માં કુલ ૧૪૯ મંજૂર જગ્યાઓ સામે ૧૨૪ જગ્યાઓ ભરેલી છે અને ૨૫ જગ્યાઓ ખાલી છે. આમ, વર્ગ-૧ અને વર્ગ-૨ મળીને કુલ ૧૮૪ મંજૂર જગ્યાઓમાંથી ૧૩૪ જગ્યાઓ ભરેલી છે અને કુલ ૫૦ જગ્યાઓ ખાલી (ઘટ) પડેલી છે.

બીજી તરફ, વિભાગના અત્યંત મહત્વના એવા ૧૯ હોદ્દાઓ પર હાલમાં કોઈ નિયમિત અધિકારીઓ ઉપલબ્ધ ન હોવાથી આ હોદ્દાઓ અન્ય અધિકારીઓને ચાર્જ (ઈન-ચાર્જ) સોંપીને ચલાવવામાં આવી રહ્યા છે. આ ચાર્જવાળી જગ્યાઓમાં વર્ગ-૧ ના ૧૭ હોદ્દાઓ સમાવિષ્ટ છે, જેમાં ૧ ટાઉન પ્લાનિંગ ઓફિસર, ૧ નાયબ મ્યુનિસિપલ કમિશ્નર, ૨ સીટી એન્જિનિયર (સ્પેશિયલ), ૨ એડિશનલ સીટી એન્જિનિયર (સિવિલ), ૧ એડિશનલ સીટી એન્જિનિયર (ઈલેક્ટ્રિકલ/મિકેનિકલ), ૧ ડાયરેક્ટર (આઇ.ટી.), ૧ ચીફ ફાયર ઓફિસર, ૧ ડાયરેક્ટર (પાર્ક્સ એન્ડ ગાર્ડન), ૧ પર્યાવરણ ઈજનેર અને ૭ આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશ્નરની જગ્યાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વર્ગ-૨ ના ૨ હોદ્દાઓ પણ ચાર્જ પર છે, જેમાં ૧ નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ) અને ૧ ડેપ્યુટી ડાયરેક્ટર (આઇ.ટી.) નો સમાવેશ થાય છે.

સમગ્ર અહેવાલનો સારાંશ એ છે કે કુલ ૧૮૪ મંજૂર જગ્યાઓમાંથી ૨૭% જેટલી (૫૦) જગ્યાઓ ખાલી છે. તેમજ ફાયર, ટાઉન પ્લાનિંગ, સિવિલ, આઈ.ટી. અને વહીવટી શાખા જેવા અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ વિભાગોના વડાના ૧૯ જેટલા હોદ્દાઓ નિયમિત અધિકારીઓ વગર ચાર્જથી ચાલતા હોવાથી દૈનિક કામગીરી અને નીતિ વિષયક નિર્ણયો લેવામાં વિલંબ થઈ શકે છે. ઇન-ચાર્જ અધિકારીઓ પાસે મૂળ હોદ્દા ઉપરાંત વધારાનો ચાર્જ હોવાથી તેઓ મોટા કે જોખમી નિર્ણયો લેવાનું ટાળે છે. વહીવટી મંજૂરીઓ, ટેન્ડર પ્રક્રિયાઓ અને નવો વિકાસલક્ષી પ્રોજેક્ટ્સની ફાઈલો લાંબા સમય સુધી પેન્ડિંગ રહે છે. ટાઉન પ્લાનિંગ ઓફિસરનો હોદ્દો ચાર્જમાં હોવાથી શહેરના માસ્ટર પ્લાન, ટી.પી. સ્કીમ મંજૂર કરવામાં અને નકશા પાસ કરવાની કામગીરી ધીમી પડે છે. સીટી એન્જિનિયર અને સિવિલ વિભાગમાં ખાલી જગ્યાઓને કારણે રોડ, રસ્તા, ડ્રેનેજ અને પાણી પુરવઠા જેવા પ્રોજેક્ટ્સની ક્વોલિટી અને મોનિટરિંગ ખોરવાય છે.

**મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટમાં મોટું ગાબડું: ૨૭% જગ્યાઓ ખાલી, ટાઉન પ્લાનિંગ અને આઈ.ટી. જેવા મહત્વના ખાતાઓ ધણીધોરી વગરના!**




દુઃખદ અવસાન
બેસણું / ઉત્તરક્રિયા

સ્વ.પ્રભાતકુંવરબા નિર્મળસિંહ ચુડાસમા
સ્વ.તા. ૨૦-૦૭-૨૦૨૬, સોમવાર

મૂળ ગામ જીંજર હાલ રાજકોટ નિવાસી
ગં.સ્વ.પ્રભાતકુંવરબા નિર્મળસિંહ ચુડાસમા (ઉ.વર્ષ ૮૪)
નું તા. ૨૦-૦૭-૨૦૨૬ ને સોમવાર ના દુઃખદ અવસાન થયેલ છે.
પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

:: સદ્‌ગતનું બેસણું ::
તા. ૨૩-૦૭-૨૦૨૬ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે
પુષ્કરધામ સોસાયટી મહાદેવ મંદિર, પુષ્કરધામ મેઈન રોડ,
કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે

:: સદ્‌ગતની ઉત્તરક્રિયા ::
તા. ૩૦-૦૭-૨૦૨૬ ને ગુરુવાર, અષાઢ વદ એકમના રોજ
અમારા નિવાસસ્થાન : આરકે નગર શેરી નંબર ૬,
કાલાવડ રોડ, ક્રિસ્ટલ મોલ સામે, રાજકોટ ખાતે રાખેલ છે

:: શોકાતૂર પરિવારજનો ::
નરેન્દ્રસિંહ કરસનસિંહ ચુડાસમા (ભત્રીજા) U.K.
દિલીપસિંહ કરસનસિંહ ચુડાસમા (ભત્રીજા) U.S.A.
ધર્મેન્દ્રસિંહ કરસનસિંહ ચુડાસમા (ભત્રીજા) U.K.
યોગેન્દ્રસિંહ નિર્મળસિંહ ચુડાસમા (પુત્ર)
ઈન્દ્રજીતસિંહ નિર્મળસિંહ ચુડાસમા (પુત્ર)

પ્રદીપસિંહ લીલુભા ચુડાસમા (પૌત્ર)
અજયસિંહ મહિપતસિંહ ચુડાસમા (પૌત્ર)
મયુરસિંહ ગણપતસિંહ ચુડાસમા (પૌત્ર)
યુવરાજસિંહ યોગેન્દ્રસિંહ ચુડાસમા (પૌત્ર)
કુમારપાલસિંહ ઈન્દ્રજીતસિંહ ચુડાસમા (પૌત્ર)

ચુડાસમા પરિવારના જય માતાજી


## શહેર SOGની સતત બીજા દિવસે માદક પદાર્થના પેડલરો પર ધોંસ

# બકાલી-ફુટવાળો એમડી ડ્રગ્સ સાથે ઝડપાયા



**બામણબોર પાસેથી જંગલેશ્વર અને જૂનાગઢના શખ્સને પકડી લેવાયા**

રાજકોટ,તા.૨૧

રાજકોટ શહેર એસ.ઓ.જી. (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) એ નશાના કાળા કારોબાર સામે લાલઆંખ કરી SAY NO TO DRUGS મિશન અંતર્ગત સતત બીજા દિવસે ધમાકેદાર કાર્યવાહી કરી છે. શહેરને ડ્રગ્સમુક્ત કરવાના સઘન અભિયાન વચ્ચે પોલીસે અમદાવાદ-રાજકોટ હાઈવે પર બામણબોર ગામ પાસે વોચ ગોઠવીને રૂ. ૧.૨૬ લાખના એમ.ડી. ડ્રગ્સના જથ્થા સાથે ફ્રુટ અને શાકભાજીના વેપારની ઓડમાં ડ્રગ્સ હેરાફેરી કરતા બે પેડલરોને ઝડપી પાડ્યા છે.

શહેર વિસ્તારમાં નશાના કાળા કારોબાર અને નાર્કોટિક્સ પદાર્થોના વેચાણ પર રોક લગાવવા માટેના મિશન અંતર્ગત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત અમદાવાદ-રાજકોટ હાઈવે ઉપર બામણબોર ગામ પાસે એસઓજીની ટીમે બે શખ્સોને એમડી ડ્રગ્સ સાથે પકડી પાડ્યા છે.

એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન પોલીસ હેડ.

કોન્સ. હાર્દિકસિંહ જગતસિંહ પરમાર તથા પોલીસ હેડકોન્સ. દિગ્વિજયસિંહ ગોહિલને ચોક્કસ સંયુક્ત બાતમી મળી હતી. બાતમીના આધારે અમદાવાદ-રાજકોટ હાઈવે ઉપર બામણબોર ગામ પાસે ઘેરાબંધી કરીને આ સફળ કામગીરી કરવામાં આવી હતી. પોલીસે પકડાયેલા બંને શખ્સોની અંગજડતી લેતા તેમની પાસેથી ૩૮.૬૭ ગ્રામ માદક પદાર્થ મેફેડ્રોન (એમ.ડી. ડ્રગ્સ) જેની કિંમત રૂ. ૧,૧૬,૦૧૦, રૂ. ૧૦,૦૦૦ની કિંમતના ૨ મોબાઈલ ફોન અને રૂ. ૬૦૦ રોકડા મળીને કુલ રૂ. ૧,૨૬,૬૧૦/નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પકડાયેલા આરોપીઓમાં ઇબ્રાહીમ ઉર્ફે ટીકડો ઉર્ફે શાહબાઝ રજાકભાઇ શેખ (ઉ.વ.૨૩, ધંધોઃ ફ્રુટનો વેપાર, રહેવાસીઃ જંગલેશ્વર, ભવાનીચોક તેમજ ભગવતીપરા આવાસ, રાજકોટ) અને ઇરફાન ઉર્ફે બમ ઇબ્રાહીમભાઇ કુરેશી (ઉ.વ.૩૬, ધંધોઃ યાર્ડમાં શાકભાજીનો વેપાર, રહેવાસીઃ બેપીરના ખાડિયામાં, જુનાગઢ) નો સમાવેશ થાય છે. આ મામલે રાજકોટ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે પકડાયેલા બંને આરોપીઓ અગાઉ પણ ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. ઇબ્રાહીમ ઉર્ફે ટીકડો અગાઉ રાજકોટના માલવીયાનગર અને બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં હત્યાનો પ્રયાસ (IPC ૩૦૭), લૂંટ/ઈજા અને ગઉજ એક્ટ હેઠળના ગુનાઓમાં પકડાઈ ચૂક્યો છે, જ્યારે ઇરફાન ઉર્ફે બમ જુનાગઢ એ-ડિવિઝનમાં જુગાર ધારા હેઠળના ગુનાઓમાં ચોંપડે ચડી ચૂક્યો છે. પકડાયેલા આ માદક પદાર્થનું પ્રાથમિક પરીક્ષણ એફ.એસ.એલ. અધિકારી કે.એમ. તાવીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કામગીરી પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય માંડલિક, ડીસીપી (ક્રાઇમ) જગદીશ બાંગરવા તેમજ એસીપી ભરત બી. બસીયાના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પોલીસ ઇન્સ્પેક્ટર એન.બી. ચૌધરી અને પો.સબ.ઇન્સ. વી.વી. ધ્રાંગુની રાહબરીમાં પાર પાડવામાં આવી હતી. જેમાં એ.એસ.આઈ. અરૂણભાઇ બાંભણીયા, ઇન્દ્રસિંહ જાડેજા, ફિરોજભાઇ રાઠોડ, પો.હેડ.કોન્સ. હાર્દિકસિંહ પરમાર, દિગ્વિજયસિંહ ગોહિલ, પો.કોન્સ. યોગેન્દ્રસિંહ ઝાલા, મહિલા પો. કોન્સ. મોનાબેન બુસા, ડ્રા. પો.હેડ.કોન્સ. મહાવીરસિંહ જાડેજા તેમજ ડ્રા. પો.કોન્સ. નિર્મળસિંહ જયેન્દ્રસિંહની ટીમે કરી છે. બને આ ડ્રગ્સ રાજસ્થાન તરફથી લાવ્યાનું રટણ કરતા હોઈ સાચી વિગતો ઓકવવા રિમાન્ડની તજવીજ થઈ રહી છે.

# જંગલેશ્વર ડિમોલિશન ખર્ચ કૌભાંડની તપાસ 'ઠંડીગાર' થવાની ભીતિ

## PGVCLના MD કેતન જોશીની દ્વારકા DDO તરીકે બદલી, તપાસ કોને સોંપાશે તે અંગે અનેક સવાલો ?



રાજકોટ, તા. ૨૧

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં ૨૮ જેટલા ઈઅજ અધિકારીઓની બદલીના આદેશો કરવામાં આવ્યા છે. જેમાં પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને રાજકોટ મહાનગરપાલિકામાં ડેપ્યુટી કમિશનર તરીકેનો ચાર્જ સંભાળતા કેતન જોશીની દેવભૂમિ દ્વારકાના જિલ્લા વિકાસ અધિકારી તરીકે બદલી કરવામાં આવી છે. આ એક સામાન્ય વહીવટી પ્રક્રિયાનો ભાગ ગણાઈ શકે, પરંતુ આ બદલીને કારણે રાજકોટ મનપાના બહુચર્ચિત અને વિવાદાસ્પદ જંગલેશ્વર ડિમોલિશનના શંકાસ્પદ ખર્ચની તપાસ અટકી જશે કે કેમ તે અંગે સ્થાનિક રાજકારણ અને પ્રશાસનમાં ભારે ચર્ચા જાગી છે.

પરંતુ, વાસ્તવિકતા એ છે કે આ સમગ્ર ડિમોલિશન કાંડના શંકાસ્પદ ખર્ચની નક્કર તપાસ હજુ સુધી નોંધપાત્ર રીતે આગળ વધી હોય તેવું લાગતું નથી. તેવામાં જ તપાસ સમિતિના અધ્યક્ષ અને મનપાના એકમાત્ર ઈઅજ ડેપ્યુટી કમિશનર એવા કેતન જોશીની દ્વારકા બદલી થઈ જતાં આ તપાસ સમિતિનું ભવિષ્ય ધૂંધળું બન્યું છે.

અસ્પષ્ટતા અને ચાર્જ અંગે અનેક સવાલો ઊભા થયા છે. રાજકોટ મહાનગરપાલિકામાં ઈઅજ કેડરના ડેપ્યુટી કમિશનર તરીકે માત્ર કેતન જોશી જ કાર્યરત હતા. હવે તેમની દ્વારકા ડડઘ તરીકે બદલી થઈ ચૂકી છે, ત્યારે તેમની જગ્યાએ અન્ય કોઈ ઈઅજ અધિકારીને મૂકવામાં આવશે કે પછી કોઈ અન્ય સિનિયર અધિકારીને ડેપ્યુટી કમિશનરનો વધારાનો ચાર્જ સોંપાશે, તે અંગે હજુ સુધી મનપા કે શાસકો તરફથી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

પ્રશાસનિક દ્રષ્ટિએ આ એક રૂટિન ટ્રાન્સફર ગણાઈ શકે, પરંતુ રાજકોટના સ્થાનિક રાજકારણ અને મનપાના વહીવટી વર્તુળોમાં આ બદલીએ ભારે ચર્ચા જગાડી છે. આ એક જ ટ્રાન્સફરને કારણે રાજકોટના બહુચર્ચિત, વિવાદાસ્પદ અને કરોડોના શંકાસ્પદ ખર્ચ ધરાવતા જંગલેશ્વર ડિમોલિશન કાંડની તપાસ પર પૂર્ણવિરામ મુકાઈ જશે કે કેમ, તે અંગે અનેક તર્ક-વિતર્કો શરૂ થઈ ગયા છે. કેતન જોશી પાસે તપાસ સમિતિનો ચાર્જ આવ્યો ત્યારથી લઈને અત્યાર સુધી આ ડિમોલિશન કાંડના શંકાસ્પદ ખર્ચની નક્કર તપાસ આગળ વધી હોય તેવું ક્યાંય જણાતું નહોતું. તપાસ પહેલેથી જ ગોકળગાય ગતિએ ચાલી રહી હતી, અને તેવામાં જ હવે તપાસ સમિતિના વડા એવા કેતન જોશીની જ દ્વારકા ડડઘ તરીકે બદલી થઈ ગઈ છે. હવે મુખ્ય પ્રશ્ન એવો થયો છે કે આ જવાબદારી કોને સોંપવામાં આવશે ત્યારે તટસ્થ અને ન્યાયિક તપાસની માંગ ઉઠી છે.

### વિવાદ ફરી ચર્ચાના કેન્દ્રમાં

રાજકોટ મનપામાં અધિકારીઓની બદલીઓ સામાન્ય બાબત છે, પરંતુ કેતન જોશીની બદલી થતાં જ જંગલેશ્વર ડિમોલિશનના શંકાસ્પદ ખર્ચનો વિવાદ ફરી એકવાર રાજકોટમાં ટોક-ઓફ-ધ-ટાઉન બન્યો છે. પ્રજાના નાણાંના થયેલા કથિત દુરુપયોગ સામેની તપાસ કોઈ પરિણામ સુધી પહોંચશે કે પછી અધિકારીઓની બદલીના નામે આ વિવાદને ઠંડો પાડી દેવામાં આવશે, તેના પર હવે સૌની નજર ટકેલી છે.

### તપાસ સમિતિના અધ્યક્ષ પદેથી બદલી અને પ્રશ્નાર્થો

જંગલેશ્વર વિસ્તારમાં કરવામાં આવેલી ડિમોલિશન કામગીરી દરમિયાન થયેલા ખર્ચ સામે અનેક ગંભીર શંકાઓ અને આક્ષેપો ઉભા થયા હતા. આ કૌભાંડ/વિવાદની નિષ્પક્ષ તપાસ થાય તે માટે એક વિશેષ તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. શરૂઆતમાં આ સમિતિના અધ્યક્ષ તરીકે મનપાના સ્થાનિક નાયબ કમિશનર ચેતન નંદાણીની નિમણૂક કરવામાં આવી હતી. પરંતુ વહીવટમાં પારદર્શિતા જળવાય તે હેતુથી મહાનગરપાલિકા કચેરી બહારના કોઈ તટસ્થ ઈઅજ અધિકારીને તપાસ સોંપવાનો નિર્ણય લેવાયો હતો.આ નિર્ણય અંતર્ગત ઈઅજ અધિકારી કેતન જોશીને આ તપાસ સમિતિના વડા તરીકે જવાબદારી સોંપાઈ હતી.



# જન્માષ્ટમી લોકમેળામાં ફોર્મ વિતરણનો પ્રારંભ

## ભાડા વધારા સામે વેપારીઓમાં રોષ : કલેક્ટર તંત્ર અને લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા તૈયારીઓ પૂરજોશમાં શરૂ

રાજકોટ, તા. ૨૧

રાજકોટના ઐતિહાસિક રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આગામી ૨ સપ્ટેમ્બરથી ધામધૂમથી યોજાનારા જન્માષ્ટમીના લોકમેળા માટે કલેક્ટર તંત્ર અને લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા તૈયારીઓ પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. મેળામાં સ્ટોલ અને પ્લોટ મેળવવા ઈચ્છુક વેપારીઓ માટે ઈન્ડિયન બેંક (તોરલ બિલ્ડીંગ, શાસ્ત્રીમેદાન સામે) ખાતેથી ગઈકાલથી ફોર્મ વિતરણનો પ્રારંભ કરાયો છે.તંત્ર દ્વારા આ વખતે લોકમેળાના સ્ટોલ અને પ્લોટના ભાડામાં ૨,૦૦૦ થી લઈને ૧૨,૦૦૦ સુધીનો વિરાટ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. અચાનક કરાયેલા આ ભાડા વધારાના કારણે નાના અને મધ્યમ વર્ગના વેપારીઓમાં ભારે અસંતોષ અને કચવાટ જોવા મળી રહ્યો છે. ભાડા વધારાના વિરોધમાં અને આગળની રણનીતિ નક્કી કરવા માટે આગામી સપ્તાહે સ્થાનિક વેપારીઓ દ્વારા એક મહત્ત્વની બેઠકનું આયોજન કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

લોકમેળામાં આ વખતે કેટેગરી-બી રમકડાના ૧૦૦ સ્ટોલ, કેટેગરી-સી ખાણી-પીણીના ૮ સ્ટોલ, જયારે કેટેગરી-જે મધ્યમ ચકરડીના પ્લોટ-૩ કેટેગરી-કે નાની ચકરડીના પ્લોટ-૨૪, કેટેગરી-એ ખાણીપીણી, એક્ષપો એક્ઝીબીશન અને પ્રદર્શન માટે પ્લોટ ૨ બી-૧ કોર્નર ખાણીપીણીના પ્લોટ ૪૦, કેટેગરી-ઈના પ્લોટ-૫ કેટેગરી એફ યાંત્રિકના ૨૦, કેટેગરી-એચ યાંત્રિકના ૬ અને કેટેગરી-એકસ આઈસ્ક્રીમના પ્લોટ ૧૦ નિયત કરાયા છે. જોકે આ વખતે લોકમેળાના સ્ટોલ-પ્લોટના ભાડામાં ૨૦૦૦થી લઈ રૂા.૧૨૦૦૦ સુધીનો વધારો કરાતા વેપારીઓમાં કચવાટ જાગેલ છે. આ અંગે આગામી સપ્તાહે વેપારીઓ દ્વારા બેઠકનું આયોજન કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

# જમીન શરતભંગના કેસોમાં ૮૫ લાખથી વધુનો દંડ

## જિલ્લા કલેક્ટરની મોટી કાર્યવાહી : ખેતી વિષયક હેતુની જમીન પર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખડકી દેતા લેવાયો નિર્ણય



રાજકોટ, તા. ૨૧

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ દ્વારા જમીનોના ગેરકાયદે ઉપયોગ અને શરતભંગ સામે એક લાલઆંખ કરીને કડક કાર્યવાહી કરવામાં આવી છે. રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં ફાળવવામાં આવેલી સરકારી જમીનોમાં શરતભંગ થવાના કિસ્સાઓ સામે આવતા, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કુલ ૮૫ લાખથી વધુનો માતબર દંડ ફટકારવાનો સત્તાવાર આદેશ કરવામાં આવ્યો છે. મળતી માહિતી અનુસાર, શહેરના યુનિવર્સિટી રોડ પર આવેલી કિડની હોસ્પિટલ નજીક અંદાજે ૫ એકર જેટલી ખેતી વિષયક હેતુની જમીન આવેલી છે. નિયમો અનુસાર આ જમીનનો ઉપયોગ માત્ર કૃષિ હેતુ માટે જ કરવાનો હોય છે, પરંતુ નિયમો અને શરતોનો સ્પષ્ટ ભંગ કરીને આ જમીન પર બિનઅધિકૃત રીતે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખડકી દેવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત, રાજકોટ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલી આશરે ૫,૦૦૦ ચોરસ મીટર જેટલી સરકારી જમીનની ફાળવણીમાં પણ શરતભંગ થયો હોવાનું તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું. આ ગંભીર બાબતને ધ્યાને રાખીને કલેક્ટર તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા હતા અને આ કેસમાં ₹૪૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને પૂર્વ વિસ્તારના કેસ ઉપરાંત અન્ય અલગ-અલગ ૩ જેટલા કેસોમાં પણ જમીન ઉપયોગ અંગેના શરતભંગના મામલા સામે આવ્યા હતા. આ તમામ કિસ્સાઓને ગંભીરતાથી લઈને રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ દ્વારા તમામ કેસો મળીને કુલ ૮૫ લાખથી વધુની રકમનો દંડ વસૂલવાનો આદેશ આપવામાં આવ્યો છે. સરકારી જમીનોના દુરુપયોગ સામે કલેક્ટરની આ કડક કાર્યવાહીથી ભૂમાફિયાઓ અને શરતભંગ કરનારાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# ચાંદીપુરા વાયરસ સામે આરોગ્ય વિભાગનું વ્યાપક સર્વેલન્સ

## ખાનગી તબીબોને સતર્ક રહેવા અને શંકાસ્પદ કેસોની ત્વરિત જાણ કરવા નિર્દેશ



રાજકોટ, તા. ૩

રાજકોટ જિલ્લામાં ચાંદીપુરા વાયરસના સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર તંત્રને એલર્ટ કરી દેવામાં આવ્યું છે. બાળકો માટે અત્યંત જોખમી ગણાતા આ વાયરસના સંભવિત ફેલાવાને રોકવા માટે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ત્વરિત ધોરણે સર્વેલન્સ અને દવાનો છંટકાવ (ડસ્ટીંગ) કરવાની કામગીરી પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે.

આ સાથે જ આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના તમામ જનરલ પ્રેક્ટિશનર્સ અને પીડિયાટ્રિશ્યન્સ (બાળ રોગ નિષ્ણાતો)ને ખાસ સૂચના આપવામાં આવી છે કે જો કોઈ બાળકમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો જણાવાય, તો સેકન્ડનો પણ વિલંબ કર્યા વિના તેની માહિતી તાત્કાલિક આરોગ્ય તંત્રને પૂરી પાડવી, જેથી સમયસર નિદાન અને સારવાર શક્ય બની શકે.

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માર્ગદર્શિકા મુજબ, ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે સેન્ડફ્લાય એટલે કે રેતી માખીના કરડવાથી ફેલાય છે અને તે ૦ થી ૧૫ વર્ષ સુધીના બાળકો માટે અત્યંત જોખમી સાબિત થાય છે. આ સેન્ડફ્લાય સામાન્ય માખી કરતાં કદમાં આશરે ચાર ગણી નાની હોય છે, જે મચ્છરની જેમ જ ઈંડા અને ઈયળમાંથી પુખ્ત બને છે. આ માખી મુખ્યત્વે ઘરની અંદર કે બહારની કાચી-પાકી દીવાલોની તિરાડોમાં, ભેજવાળા વાતાવરણમાં, પશુવાડા, વાડા કે ખેતરના ખૂણાઓમાં તેમજ ગ્રામ્ય વિસ્તારોના ગાર-લીંપણવાળા ઘરોના છિદ્રોમાં વસવાટ કરે છે અને ત્યાં જ ઈંડા મૂકીને પોતાનો વંશવેલો વધારે છે.

આ સંભવિત ખતરા સામે રક્ષણ મેળવવા માટે આરોગ્ય વિભાગે નાગરિકોને ખાસ સાવચેતી રાખવા અપીલ કરી છે. જે મુજબ, ઘરની અંદર અને બહારની દીવાલોમાં રહેલી તમામ તિરાડો તથા છિદ્રોને વ્યવસ્થિત રીતે પુરાવી દેવા જોઈએ, જેથી સેન્ડફ્લાય ત્યાં ઈંડા ન મૂકી શકે. આ ઉપરાંત ઘરમાં પૂરતો સૂર્યપ્રકાશ અને હવા-ઉજાસ રહે તેવું વાતાવરણ જાળવવું જરૂરી છે. ૧૫ વર્ષ સુધીના તમામ બાળકોને રાત્રે ચોક્કસપણે મચ્છરદાનીમાં જ સુવડાવવાનો આગ્રહ રાખવો જોઈએ. બાળકોને ખુલ્લા શરીરે ઘરની બહાર આંગણામાં કે ધૂળ-માટીમાં રમવા ન દેવા અને તેમને આખું શરીર ઢંકાય તેવા પૂરી બાંયના કપડાં પહેરાવવા ખૂબ જ જરૂરી છે.

જો કોઈ બાળકમાં અચાનક તાવ, ઉલટી કે અન્ય શંકાસ્પદ લક્ષણો દેખાય, તો વિલંબ કર્યા વિના તાત્કાલિક નજીકના સરકારી કે ખાનગી દવાખાનાનો સંપર્ક કરી સારવાર શરૂ કરાવવા રાજકોટ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોને ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

# GST વિભાગમાં ચોંકાવનારો 'ઉલટફેર'

## કાયદેસરના ઓર્ડર વિના જ મોબાઈલ સ્કવોર્ડના સ્ટાફને 'જિલ્લાફેર' ધકેલાયો, કર્મચારીઓમાં ભારે કચવાટ




રાજકોટ, તા. ૨૧

રાજકોટ સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં કાયદેસરના સત્તાવાર આદેશો મુજબ ફરજ બજાવતી જીએસટી (ઞ્જીી) વિભાગની મોબાઈલ સ્કવોર્ડની ટીમોને લઈને એક ચોંકાવનારો વિવાદ સામે આવ્યો છે. જીએસટી વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કોઈપણ પ્રકારના લેખિત ઓર્ડર આપ્યા વિના, માત્ર મૌખિક સૂચનાઓના આધારે આખી મોબાઈલ સ્કવોર્ડનો મોટો ઉલટફેર કરી દેવામાં આવ્યો હોવાની વિગતો જીએસટીના અંદરના સૂત્રોમાંથી બહાર આવી રહી છે. જે તે જિલ્લાના સત્તાવાર સ્ટાફને અન્ય દૂરના જિલ્લાઓમાં કામગીરી માટે મૂકી દેવાતા આખા રાજ્યના મોબાઈલ સ્કવોર્ડના કર્મચારીઓમાં ભારે કચવાટ અને અન્યાયની લાગણી ફેલાઈ ગઈ છે. શરૂઆતમાં સ્ટાફને એવું આશ્વાસન આપવામાં આવ્યું હતું કે આ માત્ર ૧૫ થી ૨૦ દિવસ માટેની હંગામી વ્યવસ્થા છે. પરંતુ, આ વાતને પણ હવે ઘણા દિવસો વીતી ગયા હોવા છતાં સ્ટાફને પોતપોતાના મૂળ જિલ્લા કે સ્થાને પરત મોકલવા અંગે ઉચ્ચ કચેરી તરફથી કોઈ જ સૂચના આપવામાં આવી નથી.

વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રકારે આખા રાજ્યમાં જિલ્લાફેર ફેરબદલીઓ કરવા પાછળ તંત્રનો હેતુ એવો દર્શાવાઈ રહ્યો છે કે અન્ય જિલ્લાના સ્ટાફને નવા વાતાવરણમાં મૂકીને જીએસટીની આવકમાં વધારો કરવો. આ ઉપરાંત, વહીવટી વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે ઉચ્ચ અધિકારીઓને સ્થાનિક જિલ્લાના મોબાઈલ સ્કવોર્ડના સ્ટાફની કામગીરી અને પારદર્શિતા સામે શંકાઓ હતી. સ્થાનિક સ્તરે થતા કથિત ભ્રષ્ટાચાર કે સેટિંગને તોડવાના બહાના હેઠળ આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું કહેવાય છે.

કોઈપણ પ્રકારના કાયદેસરના ઓર્ડર વિના માત્ર મૌખિક સુચનાઓથી આખા રાજ્યની મોબાઈલ સ્કવોર્ડને વેરવિખેર કરી દેવાની આ નીતિ સામે હવે અંદરખાને મોટો વિરોધ ઊભો થઈ રહ્યો છે. તંત્રનો આ અણઘડ નિર્ણય આવક વધારવા માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે કે પછી કર્મચારીઓના અસંતોષ અને ભૌગોલિક અજ્ઞાનતાના કારણે મહેસૂલને ફટકો પાડે છે, તે આગામી દિવસોમાં સ્પષ્ટ થશે.

### કર્મચારીઓનો આક્રોશ અને વહીવટી બૂમરેંગ થવાની શક્યતા

બીજી તરફ, ઉચ્ચ અધિકારીઓના આ મનસ્વી અને બિન-સરકારી વલણનો ભોગ બનેલા મોબાઈલ સ્કવોર્ડના કર્મચારીઓ અને અધિકારીઓમાં ભારે ગણગણાટ અને અસંતોષ જોવા મળી રહ્યો છે. કર્મચારીઓમાં ઊઠેલા મુખ્ય સવાલો અને તર્કો નીચે મુજબ છે:

- વિશ્વાસનો અભાવ:

સ્થાનિક મોબાઈલ સ્કવોર્ડના સ્ટાફ પર ભરોસો ન મૂકીને આખી ટીમ બદલી નાખવી એ પ્રામાણિક કર્મચારીઓ માટે અન્યાયી વલણ છે.

- ભૌગોલિક અજ્ઞાનતા:

કોઈ ચોક્કસ જિલ્લાનો સ્ટાફ (દા.ત. રાજકોટ) જે-તે વિસ્તારની ભૌગોલિક સ્થિતિ, મુખ્ય હાઈવે, સંવેદનશીલ રૂટ અને સ્થાનિક વેપારની પેટર્નથી પૂરેપૂરો પરિચિત હોય છે. હવે જો તેને અજાણ્યા કે દૂરના જિલ્લામાં મૂકવામાં આવે તો નવી ભૌગોલિક સ્થિતિ અને રૂટ સમજવામાં જ એકાદ મહિનો નીકળી જાય.

- આવક પર વિપરીત અસર:

નવી જગ્યાએ સેટ થવામાં સમય જતો હોવાથી કરચોરોને મોકળું મેદાન મળી જાય છે, જેના કારણે તંત્ર જે આવક વધારવાના દાવા કરે છે તેનાથી ઉલટું જીએસટીની આવકમાં ઘટાડો કે મોટું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ખેલનારા બદલાયા

## વિદ્યાર્થીકાળમાં ધર્મેન્દ્ર પ્રધાને સરકારોને ત્રાહીમામ કરી હતી, હવે ખુદ કઠેડામાં



રાજકારણનો તખ્તો વિચિત્ર છે. ગઈકાલે અહીં ખેલ એનાએ રહે છે, દાવ લેનાર અને દાવ આપનારા બદલાય છે. નીટ અને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર લીકની ગંભીર ઘટનાઓ બાદ દેશમાં મોટી બબાલ મચી છે.

વિદ્યાર્થીઓ અને યુવાનોમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે. વિદ્યાર્થીઓ કેન્દ્રિય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે અડગ છે.છેલ્લા ૧૪ વર્ષના ગાળામાં મોદી સરકાર સામે પ્રથમ વખત આટલો મોટો અને આક્રમક અવાજ ઉઠ્યો છે.

દેશના ખૂણેખૂણેથી વિદ્યાર્થીઓ રસ્તા પર ઊતરી રહ્યા છે. પરિસ્થિતિ એટલી નાજુક અને સંવેદનશીલ બની ગઈ છે કે ખુદ વડાપ્રધાન મોદીજીએ લડત મામલે ઇન્વોલ થવું પડ્યું છે. પેપર લીક મુદ્દે લડત દિવસેને દિવસે વધુ આક્રમક બનીને વિસ્તરી રહી છે. પરંતુ ભુતકાળ પર નજર કરો તો ખેલ એનો એ છે, માત્ર ખેલનારા અને દાવ આપનારા બદલાયા છે.

ભુતકાળના પાના ઉથલાવીએ તો વિદ્યાર્થી અવસ્થામાં ધર્નેન્દ્ર પ્રધાન પોતે એક ખુંખાર નેતા હતા. ૯૦ના દાયકામાં ઓડિશાની ઉત્કલ યુનિવર્સિટીના રાજકારણમાં તેમનો ભારે દબદબો અને વજન હતો. શૈક્ષણિક ભ્રષ્ટાચાર, ફી વધારો અને વિદ્યાર્થીઓના અન્યાય સામે તેઓ શેરીઓમાં અને રસ્તાઓ પર ઊતરી પડતા હતા. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના નેજા હેઠળ મોટા મોરચા કાઢીને સરકારોને બેન્ડવાળી દેતા હતા.

તેમની આક્રમક લડત, રેલીઓ અને ઉગ્ર આંદોલનોથી તત્કાલીન સરકારો ત્રાહીમામ પોકારી જતી હતી. વિદ્યાર્થીઓના હક અને અધિકાર માટે લડતા લડતા તેમણે અનેક વાર પોલીસ કાર્યવાહીઓ અને જેલવાસ પણ ભોગવ્યો હતો.

આજે સમયનું ચક્ર પૂરેપૂરું ફરી ગયું છે. હવે ધર્મેન્દ્રજી કેન્દ્રમાં શિક્ષણ પ્રધાન છે એટલે તે દાવ આપનાર છે. ગઈકાલનો સક્રિય આંદોલનકારી નેતા આજે દેશની સૌથી જવાબદાર ખુરશી પર બિરાજમાન છે. બીજી તરફ, પોતાના ભવિષ્ય અને ન્યાય માટે દેશના લાખો વિદ્યાર્થીઓએ તેમની જ સામે મહા મોરચો આદર્યો છે. ગઈકાલે જે નેતા સરકારો પાસે જવાબ અને રાજીનામા માગતા હતા, આજે તેમની જ પાસે આક્રોશિત વિદ્યાર્થીઓ રાજીનામું માગી રહ્યા છે.

રાજકારણનો આ ખેલ ઘણું શીખવી જાય છે. હોદ્દા, પદ અને સત્તા કાયમી હોતા નથી. સમય બદલાય છે, ભૂમિકાઓ બદલાય છે અને ચહેરા પણ બદલાય છે, પરંતુ અન્યાયના નામે રાજકીય કારકિર્દી ઘડવાનો મીજાજ ક્યારેય બદલાતો નથી.

# વાંગચુક મેદાંતા હોસ્પિટલમાં ખસેડાયા

## દિલ્હી હાઈકોર્ટના આદેશ બાદ લેવાયો નિર્ણય



નવીદિલ્હી, તા. ૨૧

દિલ્હી હાઈકોર્ટના આદેશ બાદ, સોનમ વાંગચુકને સફદરજંગ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી અને વધુ સારવાર માટે ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. હોસ્પિટલ વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, તેમને મંગળવારે સાંજે ૬:૪૦ વાગ્યે રજા આપવામાં આવી હતી. ત્યારબાદ તેમના મેડિકલ રિપોર્ટ્સ અને સારવારના તમામ દસ્તાવેજો મેદાંતા ડોક્ટરોની ટીમને સોંપવામાં આવ્યા હતા.

સફદરજંગ હોસ્પિટલે જણાવ્યું હતું કે ડિસ્ચાર્જ સમયે સોનમ વાંગચુકના મહત્વપૂર્ણ સંકેતો સ્થિર હતા. જોકે, તેમના પેન્સિટોપેનિયા (ત્રણેય મુખ્ય રક્તકણોમાં ઉણપ) યથાવત છે. વધુમાં, તેમના પોટેશિયમનું સ્તર ૩.૪ ળઊ/ક નોંધાયું હતું. હોસ્પિટલે જણાવ્યું હતું કે આગળની સારવારમાં કોઈ જટિલતા ન આવે તે માટે તમામ ટેસ્ટ રિપોર્ટ્સ અને મેડિકલ રેકોર્ડ મેદાંતા ટીમને ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. અગાઉ, દિલ્હી હાઈકોર્ટે સોનમ વાંગચુકને તાત્કાલિક ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલ ખસેડવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે તેમના સ્વાસ્થ્ય પર નિષ્ણાત ડોક્ટરો દ્વારા સતત દેખરેખ રાખવાની જરૂર છે. સુનાવણી દરમિયાન અઈઈખજ અને સફદરજંગ હોસ્પિટલના ડોક્ટરો પણ હાજર હતા. મેડિકલ રિપોર્ટના આધારે, ડોક્ટરોએ જણાવ્યું હતું કે વાંગચુકનું પોટેશિયમનું સ્તર ઓછું હતું. ઝક્ઈ રિપોર્ટ અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ ચિંતાઓને ધ્યાનમાં રાખીને, કોર્ટે વધુ સારી તબીબી દેખરેખની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

સુનાવણી દરમિયાન, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સ્પષ્ટતા કરી હતી કે સરકારને સોનમ વાંગચુકના મેદાંતામાં પ્રવેશ સામે કોઈ વાંધો નથી. બધા પક્ષો સંમત થયા પછી, હાઈકોર્ટે તેમના તાત્કાલિક ટ્રાન્સફરનો આદેશ આપ્યો. વધુમાં, હાઈકોર્ટે મેદાંતા હોસ્પિટલને નિષ્ણાત ડોકટરોની એક ટીમ બનાવવાનો નિર્દેશ આપ્યો હતો જે તેમના સ્વાસ્થ્યનું સતત નિરીક્ષણ કરશે અને જરૂર મુજબ સારવાર પૂરી પાડશે. મેદાંતા હોસ્પિટલમાં આગમન સમયે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી, હોસ્પિટલની અંદર અને બહાર બંને જગ્યાએ પોલીસ તૈનાત કરવામાં આવી હતી. સોનમ વાંગચુકને વધુ તબીબી સંભાળ માટે હોસ્પિટલ ટીમને સોંપવામાં આવી છે.ગીતાંજલી અંગ્મોએ કહ્યું, ''હું ખૂબ ખુશ છું. હું દિલ્હી હાઈકોર્ટનો આભાર માનું છું.'' ભારતમાં, નાગરિકોને તેમના ડોક્ટર અને હોસ્પિટલ પસંદ કરવાનો અધિકાર છે. તેઓ તેમની સારવાર પસંદ કરી શકે છે. જે રીતે સોનમને લાવવામાં આવી હતી, તે પોલીસ અધિકારીઓ હતા. તેણીને ઈઈઅ માં રાખવામાં આવી હતી, જ્યાં રાખવાની કોઈ જરૂર નહોતી. પ્રથમ સ્થાને, તેણીને હોસ્પિટલમાં દાખલ કરવાની કોઈ જરૂર નહોતી. તેમણે વધુમાં કહ્યું કે, જંતર-મંતર પર સોનમના સ્વાસ્થ્યનું યોગ્ય રીતે નિરીક્ષણ કરવામાં આવી રહ્યું હતું. તેમને ફક્ત એટલા માટે ઈઈઅમાં રાખવામાં આવ્યા હતા કારણ કે વિશ્વભરમાં નિયમ છે કે કોઈ પણ દર્દી ઈઈઅમાં ફોન કે ઈલેક્ટ્રોનિક ઉપકરણ લઈ જઈ શકતો નથી. એક રીતે, તેમને એવી રીતે અટકાયતમાં લેવામાં આવ્યા હતા કે તે કોઈનો સંપર્ક ન કરી શકે.

# લાઠીચાર્જ પર સંસદમાં હોબાળો

## ખડગેએ આરોપ લગાવ્યો કે માઈક્રોફોન બંધ કરવામાં આવ્યા સાથે કહ્યું, અમારે ક્યાં બોલવું?



નવીદિલ્હી, તા. ૨૧

મંગળવારે, ચોમાસુ સત્રના બીજા દિવસે, વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જના મામલે ભારે હોબાળો થયો. હોબાળા બાદ, બંને ગૃહો બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યા. વિપક્ષી સાંસદો પેપર લીક પર ચર્ચાની માંગ કરી રહ્યા હતા. લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ હોબાળો વધી ગયો, વિપક્ષી સભ્યોએ સૂત્રોચ્ચાર કર્યા. રાજ્યસભામાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લગાવ્યો કે તેમને બોલવા દેવામાં આવી રહ્યા નથી. ''આપણે અમારો મુદ્દો ક્યાં મૂકવો જોઈએ?'' તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે માઈક્રોફોન બંધ કરી દેવામાં આવ્યા હતા. ખડગેએ ગૃહમાં કહ્યું કે આપણા દેશમાં હજારો વિદ્યાર્થીઓ પેપર લીક સામે અવાજ ઉઠાવી રહ્યા હતા, પરંતુ આ સરકારે તેમના પર લાઠીચાર્જનો આદેશ આપ્યો. તેમને માર મારવામાં આવ્યો અને તેમના પર ટીયર ગેસના શેલ છોડવામાં આવ્યા. આ ખૂબ જ નિંદનીય ઘટના છે.

ખડગેએ વધુમાં કહ્યું, ''અમે ગૃહમાં સરકાર સાથે આ અન્યાય અને અત્યાચાર અંગે ચર્ચા કરવા માંગતા હતા, પરંતુ અમે બોલતા જ માઈક્રોફોન બંધ થઈ ગયા. શું આ લોકશાહી છે? જો સરકાર લોકશાહીમાં અમારી વાત પણ સાંભળવા માંગતી નથી, તો આપણે ક્યાં જવું જોઈએ?'' અમે ઈચ્છતા હતા કે આ મુદ્દા પર ચર્ચા થાય, ત્યારબાદ ગૃહમંત્રીનું નિવેદન આવ્યું, પરંતુ સરકારે અમને ચૂપ કરી દીધા. ખડગેએ પૂછ્યું, ''વિરોધ કરી રહેલા બાળકો પર લાઠીચાર્જ અને મારપીટ કેમ કરવામાં આવી? જો આ મુદ્દાઓની સંસદમાં પણ ચર્ચા થતી નથી, તો આપણે ક્યાં ચર્ચા કરી શકીએ? આ સરકાર પોતે અરાજકતા ફેલાવી રહી છે, લોકોને લાઠીચાર્જ કરવા, માર મારવા, ડરાવવા અને જેલમાં ધકેલી દેવા માટે ઉશ્કેરી રહી છે. અમે ગઈકાલે સંસદમાં આ મુદ્દાઓ પર ચર્ચા કરવા માંગતા હતા, પરંતુ અમને તક આપવામાં આવી ન હતી. વધુમાં, અમને ગૃહની બહાર જવા દેવામાં આવ્યા ન હતા; અમને અંદર રાખવામાં આવ્યા હતા, જાણે જેલમાં. દેશ અરાજકતા તરફ આગળ વધી રહ્યો છે, જેને નરેન્દ્ર મોદી અને અમિત શાહ નિયંત્રિત કરવા માંગતા નથી. અમે આ વલણની સખત નિંદા કરીએ છીએ.''

રાહુલ ગાંધીએ માંગ કરી હતી કે વિદ્યાર્થીઓના મુદ્દાઓ પર સંસદમાં ચર્ચા કરવામાં આવે. ''આ તેમના ભવિષ્યનો પ્રશ્ન છે, અને સંસદમાં તેની ચર્ચા કેમ નથી થતી?'' તેમણે પૂછ્યું. ''વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવા બદલ માર મારવામાં આવ્યો. વિદ્યાર્થીઓ પરીક્ષાઓ અંગે વિરોધ કરી રહ્યા છે. પરીક્ષા વ્યવસ્થા પડી ભાંગી છે. પીએમ મોદી કેમ ચૂપ છે?'' સરકારે હજુ સુધી માફી માંગી નથી. છજ્જ એ શિક્ષણ વ્યવસ્થા પર કબજો જમાવી લીધો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું જોઈએ. જી વડા અખિલેશ યાદવે કહ્યું કે ભાજપ તેના સાથી પક્ષોને રાજીનામું આપવા માટે દબાણ કરી શકતી નથી જેથી તેઓ છુપાયેલા રહસ્યો જાહેર ન કરે. કોઈ કલ્પના પણ કરી શકતું નથી કે આઝાદી પછીની કોઈપણ સરકાર યુવાનો સાથે આ રીતે વર્તે છે. લોકશાહીમાં આ અસ્વીકાર્ય છે. અઈખઈખ પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે ગઈકાલે જે બન્યું તે આ સરકારના સતત વર્તનનું ચાલુ છે. આ ઘણા લાંબા સમયથી ચાલી રહ્યું છે. તમારે તેમની સાથે પહેલા વાત કરવી જોઈતી હતી. આ સંપૂર્ણ અરાજકતા છે.

પ્રિયંકા ગાંધીએ કહ્યું કે કોંગ્રેસ લાંબા સમયથી પેપર લીકનો મુદ્દો ઉઠાવી રહી છે. પેપર વારંવાર લીક થઈ રહ્યા છે, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. હવે દેશના યુવાનો સમજી રહ્યા છે: તેમના માતાપિતા તેમને શિક્ષિત કરવા માટે લોન લે છે, પરંતુ તેમનું ભવિષ્ય શું છે? હું ઉત્તર પ્રદેશમાં ૨૬-૨૭ વર્ષના બાળકોને મળ્યો, પણ તેમના લગ્ન પણ નથી થઈ રહ્યા. તેઓ નિમણૂક પત્રની રાહ જુએ છે, પણ પેપર લીક થઈ જાય છે.

# રામ મંદિરમાં દાન ચોરી બાદ સામૂહિક બદલાવ!

## ગણતરી સ્ટાફ બરતરફ, નવા લોકોનું આગમન ચાલુ



નવીદિલ્હી, તા. ૨૧

આ ઉપરાંત નડિયાદના દાવળા ચોકડી નજીક આવેલી કે.વી.એસ. સેલ્સ સર્વિસ મશીનરી મેન્યુફેક્ચરિંગ કંપનીમાં ઓર્ડર મુજબ મશીનરીનું ઉત્પાદન અને ભાડે આપવાનું કામ કરે છે. ફરિયાદીને તેમના મોબાઇલ નંબર પર વોટ્સએપ અને ઈ-મેઈલ મારફતે એ એન્ડ ટી એન્ટરપ્રાઇઝ તરફથી ટ્રક માઉન્ટેડ સ્વીપિંગ મશીન તૈયાર કરવાનો ઓર્ડર મળ્યો હતો. કંપનીના સંચાલક દંપતી ચેતનાબેન અને ભાવેશભાઈ પટેલ દ્વારા ૨૭.૧૪ લાખ રૂપિયામાં સોદો નક્કી કરવામાં આવ્યો હતો. આરોપીઓએ પોતાની માલિકીની ખાલી ટ્રકની ચેસીસ મોકલી આપી હતી અને તેના પર સ્વીપિંગ મશીન તૈયાર કરી આપવા જણાવ્યું હતું. સાથે જ કામ પૂર્ણ થયા બાદ નક્કી કરેલી રકમની ચૂકવણી કરી દેવાનો વિશ્વાસ આપ્યો હતો. તેમની કંપનીએ ટ્રક પર સ્વીપિંગ મશીન માઉન્ટ કરીને સંપૂર્ણ કામ પૂર્ણ કર્યું હતુ.

આ પછી ભાવેશભાઈ પટેલ પોતાના ડ્રાઈવર સાથે નડિયાદ સ્થિત કંપનીએ આવી તૈયાર થયેલી ટ્રક માઉન્ટેડ સ્વીપિંગ મશીન લઈ ગયા હતા. તે સમયે પણ તેમણે ૧૫ દિવસમાં ૨૭.૧૪ લાખ રૂપિયાની ચુકવણી કરી દેવાની ખાતરી આપી હતી. નિર્ધારિત સમય પૂર્ણ થયા બાદ ફરિયાદીએ અનેક વખત ફોન અને ઈ-મેઈલ દ્વારા સંપર્ક કરવાનો -યાસ કર્યો છતાં આરોપીઓએ કોઈ જવાબ આપ્યો ન હતો. બાદમાં જાણ થઈ હતી કે, આરોપીઓએ ટ્રક ગાંધીનગર સ્થિત આર.આર. યુનિવર્સિટીને વેચી દીધો છે. તેમ છતાં આજદિન સુધી મશીનરીની નક્કી થયેલી રકમની ચુકવણી કરવામાં આવી નથી. જેથી વેપારીએ આરોપી દંપતી વિરુદ્ધ છેતરપિંડીની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આમ વધુ એક ઠગાઇનો કિસ્સો પોલીસ સુધી પહોંચ્યો હતો.

### વિદેશ જવા ઇચ્છુકોને વારંવાર છેતરી જાય છે કહેવાતા લેભાગુ એજન્ટો

# વિઝાના નામે મહિલાને છ લાખનો ચૂનો

## કન્સલ્ટન્સી ફર્મની સંચાલકે પોતાના પરિવારજનો સાથે મળી છેતરપીંડી કરીઃ છેલ્લી ઘડીએ સર્વર ક્રશ થવાનું બહાનું ધરી ધૂંબો મારી દીધોઃ નાણા પાછા માંગતા થાય એ કરી લેવાની ધમકી પણ દીધી

રાજકોટઃ તા.૨૧

વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે છેતરપીંડી કરી લેવાની બની રહેલી ઘટનાઓ અટકવાનું નામ નથી લેતી. અવાર-નવાર આ પ્રકારની છેતરપીંડી લેભાગુ કહેવાતા એજન્ટો દ્વારા થતી રહે છે. રાજ્યભરમાં આવી ઠગાઇના કિસ્સા સતત વધ્યા છે. આમ છતાં લોકો જાગૃત થતાં ન હોવાથી લેભાગુ એજન્ટો ફાવી જાય છે. અમુક લોકો તો વિદેશ જવાની લ્હાયમાં લાખોની લોખ લઇ લેતાં હોય છે, જમીન-મકાન ગીરવે મુકીને કે પછી ઉછી ઉધારના કરીને રૂપિયા ભેગા કરી આવા એજન્ટોને ધરી દેતાં હોય છે. પણ આવા કહેવાતા એજન્ટો વીઝાને બદલે ઠેંગો બતાવી ભાગી નીકળતાં હોય છે. પછી છેતરાયેલા લોકોને પોલીસ પાસે દોડવાની નોબત આવે છે. આવી જ એક ઘટનામાં બેલારૂસના વિઝાના નામે એક મહિલા સાથે લાખોની ઠગાઇ થઇ છે.




વિગતો પર નજર કરીએ તો બેલારૂસ જવાની લાલચ આપીને અમદાવાદની એક મહિલા સાથે રૂપિયા છ લાખની ઠગાઈ આચરવામાં આવી હોવાની વિગતો પ્રકાશમાં આવી હતી. વડોદરાની એક કન્સલ્ટન્સી ફર્મના સંચાલક મહિલા અને તેમના પરિવારે ભેગા મળીને વિઝા અપાવવાના બહાને નાણાં પડાવી લીધા બાદ વિઝા ન આપી, છેલ્લે નાણાં પરત માંગતા જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની પોલીસ ફરિયાદ દાખલ થઈ હતી. ફરિયાદની વિગતો અનુસાર, અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલી જલનાથ સોસાયટીમાં તેતાલીસ વર્ષના આર્યાબેન વિરલભાઈ ઠાકોર તેમના મિત્ર રવિ ઉર્ફે દિવ્યેશ પટેલ મારફતે વડોદરાના વાઘોડિયા રોડ પર પ્રમુખ કન્સલ્ટન્સી ધરાવતા રેશ્માબેન કલ્પેશભાઈ પટેલના સંપર્કમાં આવ્યા હતા.

રેશ્માબેને આર્યાબેનને યુરોપિયન દેશ બેલારૂસ મોકલવાની અને ત્યાં નોકરી અપાવવાની ખાતરી આપી કુલ રૂપિયા ૬,૦૦,૦૦૦નો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. આર્યાબેન તૈયાર થતાં તેમણે રેશ્માબેનની ઓફિસ પર જઈને રૂ.૧,૨૬,૦૦૦ રોકડા આપ્યા હતા, જેની કોઈ રસીદ આપવામાં આવી નહોતી. જેમાંથી બીજા દિવસે રેશ્માબેને રૂ.૨૬,૦૦૦ ઓનલાઇન પરત કર્યા હતા. ત્યારબાદ વિઝા પ્રક્રિયા ઝડપી કરવાના બહાને વધુ ૫ લાખ રૂપિયાની માંગણી કરાતા, આર્યાબેને ખંભાત ખાતે રહેતા તેમના માતા ગીતાબેન ચૌહાણના બેંક ખાતામાંથી રૂ.૫,૦૦,૦૦૦ની રોકડ રકમ ઉપાડી હતી. આ રકમ ખંભાત ખાતે જ રેશ્માબેન, તેમના પતિ કલ્પેશ પટેલ, પુત્ર હેત પટેલ અને તેમના સાસુની હાજરીમાં આરોપીઓને સોંપવામાં આવી હતી.

રૂપિયા મેળવ્યા બાદ કન્સલ્ટન્ટ મહિલા રેશ્માબેને વાયદા -માણે બે મહિનામાં કામ પૂરું કર્યું ન હતું. ફોન ઉપાડવાના બંધ કર્યા બાદ દબાણ આવતા તેમણે બેલારૂસના નકલી ઓફર લેટર અને એકોમોડેશન લેટર વોટ્સએપ પર મોકલ્યા હતા. બેંક બેલેન્સ બતાવવાના નામે ખોટું સેટિંગ કરી એસ.બી.આઈ. મણિનગર બ્રાન્ચના ખાતામાં ટ્રાન્ઝેક્શન કરાવી નકલી બેલેન્સ સર્ટિફિકેટ પણ આપ્યું હતું. વિઝા એપોઇન્ટમેન્ટ માટે મુંબઈ જવાની ટિકિટ બુક કરાવ્યા બાદ છેલ્લી ઘડીએ સર્વર ક્રેશ થવાનું બહાનું બતાવી મુંબઈ જવાનું પણ કેન્સલ કરાવ્યું હતું.

આ પછી જ્યારે આર્યાબેનને ખબર પડી કે તેમને બેલારૂસમાં કન્સ્ટ્રક્શનના કામનો ઓફર લેટર અપાયો છે, ત્યારે તેમણે આ કામ કરવાની સાફ ના પાડી દીધી હતી અને પોતાના રૂ. ૬,૦૦,૦૦૦ પરત માંગ્યા હતા. રૂપિયા પરત માંગતા જ રેશ્માબેન અને તેમના પરિવારે અસલી રંગ બતાવ્યો હતો અને ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા. મધ્યસ્થી મિત્ર રવિ પટેલ મારફતે વાત કરાવતા આરોપીઓએ ઉદ્ધત વર્તન કરી 'તારા રૂપિયા પરત નહીં મળે, તારાથી થાય તે કરી લેજે' તેવી ધમકી આપી હતી. આ સમગ્ર મામલે ભોગ બનનાર મહિલાએ વડોદરાના વાઘોડિયા રોડ સ્થિત કન્સલ્ટન્ટ રેશ્માબેન પટેલ સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. આમ વધુ એક વખત વિઝાના નામે લાખોની ઠગાઇ થઇ હતી.

### ઓનલાઇન મેટ્રીમોનીયલ સાઇટ પર પરિચય થયો, મીઠી વાતો થઇ પછી પ્રેમ થયો ને ફસાયા

# મહિલા પ્રોફેસરને છેતરી ગઠીયો સવા તેર લાખ ઉસેડી ગયો

## મહિલા ઓપરેશન માટે દાખલ થયા ત્યારે મદદના બહાને આવ્યોઃ મોબાઇલના ફિંગર પ્રિન્ટ લોક બદલી કટકે કટકે લાખો ઉસેડી લીધાઃ મહિલાએ પોતાની સારવાર બાદ તપાસ કરી ત્યારે નાણા ઉપડી ગયાની ખબર પડી

રાજકોટઃ તા.૨૧

ઓનલાઇન ફ્રોડની બની રહેલી ઘટનાઓ વચ્ચે મેટ્રીમોનીયલ સાઇટ મારફત પણ ગઠીયાઓ ખેલ પાડતાં હોય છે. વધુ એક આવી ઠગાઇ થઇ છે જેમાં એક મહિલા પ્રોફેસરને મેટ્રીમોનીયલ સાઇટ પર ગઠીયાએ પ્રેમજાળમાં ફસાવી તેર લાખ સાડત્રીસ હજાર પડાવી લીધા હતાં. પહેલા તો મીઠી વાતો કરી હતી પછી પ્રેમજાળ ગુંથી હતી. આ દરમિયાન મહિલા પ્રોફેસરને ઓપરેશન કરાવવાનું હોઇ તે વખતે આ કહેવાતો મિત્ર પ્રેમી પણ મદદ કરવાના બહાને પહોંચ્યો હતો. પરંતુ અહિ મહિલા પ્રોફેસરની સર્જરી વખતે મોબાઇલ લોકની ફિંગર પ્રીન્ટ બદલીને લાખો રૂપિયા ઉસેડી લીધા હતાં. વિગતો પર નજર કરીએ તો ગાંધીનગર રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ૩૬ વર્ષીય મહિલા પ્રોફેસર સાથે મેટ્રોમોનિયલ સાઈટના માધ્યમથી સંબંધ બાંધી વિશ્વાસ કેળવી બેરિયાટ્રિક સર્જરી દરમિયાન મોબાઈલ લોકની ફિંગર પ્રિન્ટ બદલીને નેટ બેંકિંગના પાસવર્ડ મેળવી ૧૩.૩૭ લાખની ઠગાઈ આચરનાર ભુજના શખ્સ વિરૂધ્ધ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. આ નવતર કિસ્સાની પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ લખનઉના વતની હાલ ચિલોડા ખાતે રહેતા મહિલા -ોફેસર સાડા ચાર વર્ષથી લવાડ ખાતે આવેલી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નોકરી કરે છે. આશરે એક વર્ષ પહેલા બેટર હાફ મેટ્રોમોનિયલ સાઈટ પર તેમનો સંપર્ક આરોપી મૂળ ભુજના અને હાલ બેંગ્લોર રહેતા હિતેશ ધીરેન ઠક્કર સાથે થયો હતો. શરૂઆતમાં થોડી વાતચીત બાદ ફરિયાદીએ તેની સાથે સંપર્ક તોડી નાખ્યો હતો, પરંતુ ગત ૪મે ૨૦૨૬ ના રોજ આરોપીએ ફરી વ્હોટ્સએપ પર મેસેજ કરી વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો હતો અને બંને વચ્ચે ફરીથી વાતચીત શરૂ થઈ હતી. આ દરમિયાન ફરિયાદીની તબિયત અને વજનના કારણે આરોપી હિતેશે તેમને બેરિયાટ્રિક સર્જરી કરાવવાની સલાહ આપી હતી. આરોપી ફરિયાદીને લઈને ગાંધીનગરની કે.ડી. હોસ્પિટલ ખાતે ગયો હતો. હોસ્પિટલમાં દાખલ થતી વખતે અને અગાઉની મુલાકાતો દરમિયાન આરોપીએ મીઠી-મીઠી વાતો કરી મહિલા પ્રોફેસરનો સંપૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો અને તેમના મોબાઈલ ફોનના તથા નેટ બેન્કિંગના પાસવર્ડ જાણી લીધા હતા.ત્યારબાદ જ્યારે મહિલા પ્રોફેસર ઓપરેશન થિયેટરમાં સર્જરી હેઠળ હતા. ત્યારે તેમનો મોબાઈલ ફોન હોસ્પિટલની બહાર હિતેશ પાસે હતો. આ સમયગાળાનો લાભ ઉઠાવીને આરોપીએ મોબાઈલ ફોનના ફિંગરપ્રિન્ટ લોકમાં પોતાની ફિંગરપ્રિન્ટ ઉમેરી દીધી હતી. ફરિયાદીના બેંક ખાતામાં મોટી રકમ પડી હોવાની જાણ હોવાથી આરોપીએ તેમની જાણ બહાર રૂપિયા ૧૮.૧૫ લાખની ફિક્સ ડિપોઝિટ તોડી નાખી હતી. તેમાંથી હોસ્પિટલનું ૬ લાખ રૂપિયાનું બિલ અને દવાનો ખર્ચ ચૂકવ્યા બાદ બાકી બચેલી રકમમાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરીને કુલ ૧૨.૫૦ લાખ પોતાના અંગત બેંક ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા.

### ફ્રોડ કરનારા ઘણીવાર લોહીના સંબંધોને પણ ભુલી જઇ આચરે છે કારસ્તાન

# ભાઇએ મૃતક બહેનના નામે અઢી કરોડ કર્યા ચાઉ

## બારોબાર જમીનનો ખોટો કરાર ઉભો કરી કૌભાંડ આચર્યુઃ પાંચ જણા સામે ગુનો દાખલઃ બીજા કિસ્સામાં સોની વેપારી ગ્રાહકના નાણા ખાઇ ગયો

રાજકોટઃ તા.૨૧

છેતરપીંડી કરનારા ઘણીવાર તો લોહીના સંબંધોને પણ ભુલી જતાં હોય છે અને પોતાના જ કુટુંબીઓ કે સગા સ્વજનો સાથે ઠગાઇ આચરી લેતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક શખ્સે પોતાની મૃત્યુ પામી ચુકેલી બહેનના નામે ખોટા કરાર કરી અઢી કરોડથી વધુની જમીન સંપાદન કરાવી રોકડા કરી લીધા હતાં. આ હકિકત પોલીસ સુધી પહોંચતા કુલ પાંચ જણા સામે ગુનો દાખલ કરાયો હતો.

વિશેષ માહિતી પર નજર કરીએ તો વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના રણુ ગામની જમીન દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે પ્રોજેક્ટમાં જમીન સંપાદન થઈ હતી. જેમાં મૃતક મહિલાના નામે તેના ભાઈએ ખોટો સંમતિ કરાર તૈયાર કરી જમીન સંપાદનના વળતરની ૨.૬૨ કરોડ રૂપિયાની રકમ ગેરરીતી કરીને મેળવી લીધી હતી. આ મામલે મૃતક મહિલાના પુત્રએ તેમના મામા સહિત ૫ લોકો સામે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેને આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના રણુ ગામમાં રહેતા લાલજીભાઈ સોમાભાઈ પઢીયારએ રાવપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તેમના પિતા સોમાભાઈનું વર્ષ ૨૦૦૭માં અને માતા સુરજબેનનું ૨૦૨૩માં અવસાન થયું હતું. તેમના માતા સુરજબેન અને સૂરજબેનના પિતા ખુશાલભાઈ ભલાભાઈ પરમારની વડીલોપાર્જિત સંયુક્ત માલિકીની શેરખી ગામે આવેલી સર્વે નં. ૩૭૭/૮ની જમીનમાં કાયદેસરના વારસદાર હતા.

ત્યારબાદ આ જમીનનો એક ભાગ વર્ષ ૨૦૧૭માં દિલ્હી મુંબઈ એક્સ-ેસ-વે માટે સંપાદિત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૧૮માં -થમ તબક્કાના વળતર તરીકે ૩.૨૬ કરોડ રૂપિયાથી વધુની રકમ ફરિયાદીના મામા છત્રસિંહ ખુશાલભાઈ પરમારે પોતાના બેંક ખાતામાં મેળવી લીધા હતા. ફરિયાદીનો દાવો છે કે, તે સમયે તેમની માતાને કે, પરિવારને આ રકમમાંથી એક પણ રૂપિયો આપવામાં આવ્યો નહોતો. ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ બીજા તબક્કાના વળતર તરીકે ૨.૬૨ કરોડ રૂપિયાથી વધુની રકમ ચુકવવાની -ક્રિયા દરમિયાન ફરિયાદીની માતાનું તા. ૧૦ જાન્યુઆરી,




૨૦૨૩ના રોજ અવસાન થઈ ચૂક્યું હોવા છતાં તેમના નામે તા. ૧૯ જુલાઈ, ૨૦૨૪ના રોજ રૂ. ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર સંમતિ કરાર તૈયાર કરવામાં આવ્યો હતો. આ સંમતિ કરારમાં મૃતક સુરજબેનનો ફોટોગ્રાફ, અંગૂઠાના નિશાન તેમજ નોટરીની નોંધ દર્શાવવામાં આવી હતી.

મૃતક મહિલાના નામે ખોટા અંગૂઠાના નિશાન કરી બોગસ દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો હતો અને તેને ખાસ જમીન સંપાદન અધિકારી સમક્ષ રજૂ કરીને વળતરની ૨.૬૨ કરોડ રૂપિયાથી વધુની રકમ છેતરપિંડી પૂર્વક મેળવી લીધી હતી. સંમતિ કરારના સાક્ષી તરીકે સહી કરનાર નાથુભાઈ ખુશાલભાઈ પરમાર, સામંતસિંહ અદેસિંહ પરમાર તેમજ દસ્તાવેજ નોટરાઈઝ કરનાર નોટરી ઈલા સી. પારેખના નામ છે. આ લોકોએ પરસ્પર મળીને ખોટા દસ્તાવેજો બનાવી આર્થિક લાભ મેળવ્યો હતો. ફરિયાદીની માતાના સીધી લીટીના કાયદેસરના વારસદાર હોવા છતાં તેમને વળતરની રકમમાંથી તેમના હકનો હિસ્સો આજ દિન સુધી આપવામાં આવ્યો નથી. આરોપી નાથુભાઈ ખુશાલભાઇ પરમાર, સામંતસિંહ અદેસિંહ પરમાર, તખતસિંહ, રાજેન્દ્ર પરમાર અને નોટરી કરનાર ઇલા સી પારેખ સામે ફરિયાદ નોંધીને પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી એક ઠગાઇમાં સોની વેપારીએ ગ્રાહક સાથે લાખોની છેતરપીંડી કરી લીધી હતી. વડોદરા જિલ્લાના ડેસર તાલુકામાં સોનાના દાગીના બનાવવાના નામે એક ગ્રાહક સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો છે. ડેસર ટાઉનમાં સ્વામિનારાયણ મંદિરની નીચે દુકાન ધરાવતા સોની વેપારી સંજયભાઈ ચંપકલાલ કેશવલાલ સોની સામે એક ગ્રાહકે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ મુજબ, નવો સોનાનો સેટ બનાવી આપવાના બહાને વેપારીએ ગ્રાહક પાસેથી સોનાના જૂના દાગીના અને રોકડા રૂપિયા પડાવી લીધા બાદ દાગીના કે રકમ પરત ન કર્યા નહોતાં.

વધુ માહિતી જોઇએ તો ડેસરના નારપુરા-ગણેશપુરા ખાતે રહેતા અને વેલ્ડિંગ વર્કશાપમાં નોકરી કરતા વનરાજસિંહ નટવરસિંહ ચૌહાણે સોની સંજયભાઈની દુકાને આશરે ૨ તોલાનો સોનાનો સેટ બનાવવાનો ઓર્ડર આપ્યો હતો. જેની ઘડામણ સાથે કુલ કિંમત ૧,૬૪,૯૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી હતી. આ સેટના બદલામાં વનરાજસિંહે પોતાના સાસુનો આશરે ૧૦ ગ્રામ સોનાનો જૂનો દોરો જેની કિંમત ૩૮,૫૦૦ રૂપિયા નક્કી થઈ હતી અને પ્રથમ દિવસે ૧૦,૦૦૦ રૂપિયા રોકડા આપ્યા હતા. ત્યારબાદ અલગ-અલગ તારીખોએ ટુકડે-ટુકડે કુલ ૭૫,૦૦૦ રૂપિયા રોકડા ચૂકવ્યા હતા. આમ ગ્રાહકે સોની વેપારીને જૂના દાગીના અને રોકડ મળીને કુલ ૧,૩૩,૫૦૦ રૂપિયાની મતા ચૂકવી દીધી હતી.

આ પછી જ્યારે ગ્રાહક બાકી નીકળતા ૩૧,૪૦૦ રૂપિયા લઈને પોતાનો સોનાનો સેટ લેવા ગયા, ત્યારે સોની વેપારીએ દાગીના તૈયાર ન હોવાના અને હોલમાર્કનો સિક્કો મારવાનો બાકી હોવાના બહાના બતાવી વારંવાર ધક્કા ખવડાવ્યા હતા. ગ્રાહકે દાગીના અથવા રૂપિયા પરત આપવાની કડક ઉઘરાણી કરતા સોની વેપારીએ જૂનું અસલ બિલ પરત લઈ લીધું હતું અને તેના બદલામાં વ્યાજ સહિત કુલ ૧,૭૨,૦૦૦ રૂપિયાનો બેંક ઓફ બરોડાનો ચેક આપ્યો હતો. જોકે, આ ચેક પણ બેંકમાં જમા કરાવતા ખાતામાં પૂરતા નાણાં ન હોવાને કારણે બાઉન્સ થયો હતો. ચેક બાઉન્સ થયા બાદ પણ વેપારીએ દાગીના કે રૂપિયા પરત ન આપી ગ્રાહકને ગોળ-ગોળ ફેરવ્યો હતો. સોની વેપારીએ હિસાબ-કિતાબ કરી નવું બિલ બનાવી આપ્યું હતું, પરંતુ આજદિન સુધી સોનાનો સેટ કે આપેલા નાણાં પરત કર્યા નથી. વેપારી અવારનવાર દુકાને કે ઘરે હાજર ન મળીને ગ્રાહકને માત્ર વાયદાઓ જ આપતો હતો.

### આઘાત આપનારી અપમૃત્યુની વધુ છ ઘટનાઓમાં પરિવારોએ સ્વજનો ગુમાવ્યા

# માથે લોખંડનું બોક્સ પડતાં મજૂરનું મોત

## બીજી ઘટનામાં પુત્રના વાહનમાંથી પડી જતાં વૃધ્ધ પિતાનું મોતઃ દિલની દગાખોરીથી નિવૃત પીએસઆઇ સહિત ત્રણના શ્વાસ થંભી ગયાઃ એક યુવાન ઈજાગ્રસ્ત મળ્યા બાદ જીવ ગયો

રાજકોટઃ તા.૨૧

જન્મ લેનારનું મૃત્યુ નિશ્ચીત હોય છે પરંતુ અકાળે આવી જતાં પરલોકના તેડા જે તે મૃતકના પરિવારજનોને કારમો આઘાત આપી જતાં હોય છે. અપમૃત્યુના વધુ પાંચ બનાવ સામે આવ્યા હતાં. જેમાં એક કિસ્સામાં મજૂરી કરતી વખતે માથે લોખંડનું બોક્સ પડતાં પ્રૌઢનું મોત થયું હતું. તો બીજા બનાવમાં એક વૃધ્ધ પોતાના પુત્રના વાહનમાંથી પડી જતાં મૃત્યુ થયું હતું. જ્યારે નિવૃત પીએસઆઇ સહિત ત્રણ લોકોના દિલ તેમને દગો દઇ જતાં મૃત્યુ થયા હતાં. છઠ્ઠી ઘટનામાં એક યુવાન ઈજાગ્રસ્ત હાલતમાં મળ્યા બાદ જીવ ગયો હતો.

પ્રથ મ ઘટના પર નજર કરીએ તો રાજકોટના સરધાર નજીકના લોઠડામાં આવેલી ફેક્ટરીમાં મજુરી કરતાં મુળ ઉત્તરપ્રદેશના પ્રૌઢ રાતે ફેક્ટરીમાં હતાં ત્યારે લોખંડનું બોક્સ માથે પડતાં ઇજા થવાથી મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. લોઠડામાં આવેલી એક્યુરેટ ફેરસ ઇન્ડસ્ટ્રીઝ નામની કાસ્ટીંગ ફેક્ટરીમાં રાતે સાડબા બારેક વાગ્યે ગામાભાઇ ગોગાભાઇ રાજભર નામના બાવન વર્ષના પ્રૌઢ કામ કરતાં હતાં ત્યારે અકસમાતે ઉપરથી લોખંડનું બોક્સ માથે પડતાં ગંભીર ઇજા થઇ હતી.



બનાવને પગલે કારીગરો, શેઠ દોડી આવ્યા હતાં અને ઘાયલ થયેલા ગામાભાઇનેં ખાનગી હોસ્પિટલમાં અને બાદમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ વહેલી સવારે અંતિમ શ્વાસ લઇ લીધા હતાં. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ગામાભાઇ એક બહેનથી નાના હતાં અને સંતાનમાં ચાર દિકરી તથા ત્રણ દિકરા છે. પોતે દોઢેક વર્ષથી લોઠડા રહી કાસ્ટીંગ ફેક્ટરીમાં મજૂરી કરતાં હતાં. બનાવને પગલે પરિવારજનોમાં શોક વ્યાપી ગયો હતો.

બીજા બનાવ પર નજર કરીએ તો જસદણમાં પુત્રના ટુવ્હીલરમાંથી પડી જતાં વૃધ્ધને ગંભીર ઇજા થતાં તેમનું મૃત્યુ થયું છે. જુના બસ સ્ટેશન પાસેથી ઘરે જતી વખતે આ બનાવ બન્યો હતો. વૃધ્ધને સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

જાણવા મળ્યા મુજબ જસદણમાં વિંછીયા રોડ પર આવેલા ઐયર સીટીમાં રહેતાં ચીમોતેર વર્ષના સુબ્રમણીયમ શ્રીનિવાસન હોસાડુ સોળમી તારીખે સવારે આઠેક વાગ્યે પોતાના પુત્રના ટુવ્હીલરમાં બેસીને જસદણ જુના બસ સ્ટેશન પાસેથી ઘર તરફ જતાં હતાં ત્યારે રસ્તામાં શાક માર્કેટ નજીક સ્પીડ બ્રેકર આવતાં બેલેન્સ ગુમાવતાં પાછળથી પડી જતાં ઇજા થઇ હતી. તેમને જસદણ સીરવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસોડયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જસદણ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર સુબ્રમણીયમ હોસાડુને સંતાનમાં બે દિકરા છે. જેમાં એક દિકરો બેંક મેનેજર તરીકે ફરજ બજાવે છે. આ વૃધ્ધ અગાઉ મંદિરમાં સેવા પુજા કરતાં હતાં. હાલ નિવૃત જીવન જીવતાં હતાં. બજારમાં આટો મારવા નીકળ્યા હોઇ વળતાં પુત્રના વાહનમાં બેસીને ઘરે જતાં ત્યારે બનાવ બન્યો હતો. અપમૃત્યુની અન્ય ત્રણ ઘટના પર નજર કરીએ તો રેલનગર-૨ શેરી નં. ૮માં રહેતાં નિવૃત પીએસઆઇ બાંસઠ વર્ષિય ક્રિપાલસિંહ જીવુભા જાડેજા પોતાના ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ નિપજતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર ક્રિપાલસિંહ જાડેજા ચાર ભાઇ અને એક બહેનમાં બીજા હતાં. સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. જેમાં એક દિકરા એસટીમાં ફરજ બજાવે છે અને બીજા દિકરા સીજીંગનું કામ કરે છે. ક્રિપાલસિંહ જાડેજા રાજકોટ શહેર પોલીસમાં ફરજ બજાવતાં હતાં. વર્ષ ૨૦૨૩માં તેઓ નિવૃત થયા હતાં. હૃદય રોગનો હુમલો આવી ગયાનું સગાએ કહ્યું હતું.જ્યારે અન્ય હૃદય રોગના હુમલાથી મૃત્યુના બનાવમાં રૈયા રોડ હનુમાન મઢી પાછળ શિવપરા-૨માં રહેતાં ઓગણસાંઇઠ વર્ષના ગેનારામ સગારામ ચૌધરી નામના રાજસ્થાની વૃધ્ધ બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેઓ ચાર ભાઇ અને ત્રણ બહેનમાં ત્રીજા હતાં. સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. પોતે કલરકામ અને આવા કામની સાઇટ પર માપ લેવાનું કામ કરતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. આ બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી હતી.તેમજ વધુ એક આવા બનાવમાં કોટડાસાંગાણીના પીપલાણા ગામે રહેતાં હંસરાજભાઇ લવજીભાઇ બાવરીયા નામના ત્રેપન વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. તેઓ ચાર ભાઇ અને ત્રણ બહેનમાં મોટા હતાં. સંતાનમાં ત્રણ દિકરી અને બે દિકરા છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં કોટડાસાંગાણી પોલીસે કાર્યવાહી કરી હતી.છઠ્ઠા બનાવમાં સુરેન્દ્રનગરના લીંબડીમાં એક્ષચેન્જ ઓફિસ નજીક એક અજાણ્યો આશરે પાંત્રીસ વર્ષનો યુવાન બેભાન અને ઈજાગ્રસ્ત મળતાં સુરેન્દ્રનગર હોસ્પિટલમાં અને ત્યાંથી ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે લીંબડી પોલીસને જાણ કરતાં મૃતકની ઓળખ મેળવવા અને બનાવ શું બન્યો તે જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે. હાલ મૃતદેહ રાજકોટ સિવિલ હોસ્પિટલના કોલ્ડ રૂમ ખાતે રાખવામાં આવ્યો હતો. આમ છ અલગ અલગ બનાવોમાં પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દેતાં કાળો કલ્પાંત સર્જાયો હતો.

# સોની બજારમાં બાળકો પાસે કરાવાતી હતી મજૂરીઃ બે ગુન્હા

## બે દુકાનના માલિકો અને એક ઠેકેદાર સામે ફોજદારીઃ પોલીસ અને શ્રમ અધિકારીની ટીમની સંયુક્ત કામગીરી



રાજકોટઃ તા.૨૧

શહેરમાં બાળમજૂરીના દૂષણને નાબૂદ કરવા માટે અવાર-નવાર ઝુંબેશ હાથ ધરવામાં આવતી હોય છે અને જે પેઢી સંસ્થા કે કામના સ્થળેથી બાળ મજુર મળે તેના સંચાલક, માલિક, ઠેકેદારો સામે ગુનો નોંધાતો હોય છે. આવા બે ગુના દાખલ થયા હતાં. સરકારી શ્રમ અધિકારી અને પોલીસ વિભાગની સંયુક્ત ટુકડી દ્વારા સોની બજાર વિસ્તારમાં દરોડા પાડવામાં આવ્યા હતા. આ કામગીરી દરમિયાન સોની બજારની બે અલગ-અલગ દુકાનોમાંથી ૧૩ વર્ષના બે બાળશ્રમિકોને ગેરકાયદેસર મજૂરી કામમાંથી મુક્ત કરાવવામાં આવ્યા હતાં. અને જવાબદાર માલિકો તથા ઠેકેદાર સામે કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

વધુ માહિતી અનુસાર સરકારી શ્રમ અધિકારી અને બાળ મજૂર (નિયમન અને પ્રતિબંધ) અધિનિયમ-૧૯૮૬ હેઠળના નિરીક્ષક ડો. ડી. આર. કાનાણીના નેતૃત્વમાં એક વિશેષ ટીમની રચના કરવામાં આવી હતી. આ ટીમમાં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (એએચટીયુ)ના પીઆઇ કે. કે. ગોહિલ, એએસઆઇ અજયકુમાર શુક્લા, એએસઆઇ એસ. બી. મકરાણી, અન્ય ઓફિસર એસ. એસ. ગુર્જર, સી. એસ. સાપરા તથા પોલીસ સ્ટાફના મહેશભાઈ પ્રસાદ અને જ્યોતિબેન બાબરિયા જોડાયા હતા. આ ટીમે સોની બજાર વિસ્તારમાં સરપ્રાઇઝ ચેકિંગ હાથ ધર્યુ હતુ.

આ અંગેની તપાસ દરમિયાન સોની બજારમાં કોઠારીયા નાકા પાસે સુવર્ણદીપ કોમ્લેક્ષમાં દુકાન નં. ૨૧૫માં બાળ મજુર મળતાં અહિ દૂકાન ધરાવતાં દિવ્યેશભાઇ મુકુંદરાય ફીચડીયા અને ઠેકેદાર ઝાકીર શેખ તથા બોઘાણી શેરમાં ગોલ્ડ હાઉસમાં પણ દુકાન નં. ૩૦૪માંથી બાળ મજુર મળતાં બ્રિજેશભાઈ જગદીશભાઈ રાણપરા સામે ગુના દાખલ કરાવાયા હતાં. એકાદ માસથી આ બાળકો અહિ મજુરી કામ કરતાં હતાં.

દરોડા દરમિયાન શ્રમ વિભાગ અને પોલીસની ટીમે મુક્ત કરાવાયેલા બંને બાળકોની પૂછપરછ કરી તેમની ઉંમરની ખાતરી કરી હતી. બાદમાં બાળકોને બાળ સંરક્ષણ ગૃહ રાજકોટ ખાતે સુપરત કરાયા હતાં. આ અંગે એ-ડિવીઝન પોલીસમાં બે અલગ અલગ ફરિયાદ ડો. ડી. આર. કાનાણીએ દાખલ કરાવી હતી.

### દોસ્તીના તો દાખલા દેવામાં આવે...પણ અમુક એવા હોય જે આ સંબંધને લજવે

# નાણા ન દેતાં યુવાનનો મિત્રએ ભાંગ્યો હાથ

## ગંજીવાડાની ઘટનાઃ ઉછીના નાણા મિત્રએ માંગ્યા પણ યુવાન પાસે ન હોઈ ના કહેતાં ચાર જણા તૂટી પડ્યાઃ યુવાનના ભાણેજને પણ લાફા મારવામાં આવ્યા

રાજકોટઃ તા.૨૧

દોસ્તી, ભાઇબંધી તો એવી હોય જેમાં એક મિત્ર બીજા મિત્ર માટે કંઇ પણ કરવા તૈયાર રહેતો હોય છે. પરંતુ અમુક તો ભાઇબંધીના નામ પર કલંક જેવા નીકળતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી હતી. જેમાં એક યુવાન પાસે તેના જ ભાઇબંધે ઉછીના નાણા માંગતા યુવાને પોતાની પાસે પૈસા ન હોઇ ના પાડી દેતાં આ ભાઇબંધ સહિતના ચાર જણાએ આ યુવાનને ધોકા-પાઇપ-ઢીકાપાટુનો એવો માર માર્યો હતો કે તેને હોસ્પિટલના ખાટલે પહોંચવાની નોબત આવી હતી. આ હુમલામાં તેનો એક હાથ પણ ભાંગી ગયો હતો. તો વચ્ચે પડેલા આ યુવાનના ભાણેજને પણ લાફા પડ્યા હતાં.



વિગતો પર નજર કરીએ તો શહેરના ભાવનગર રોડ પર ગંજીવાડામાં રહેતાં યુવાન પાસે તેના જ મિત્રોએ હાથ ઉછીના પૈસા માંગતા તેણે ન આપતાં ચાર જણાએ મળી ધોકા-પાઇપ-ઢીકાપાટુનો માર મારતાં તેનો હાથ ભાંગી ગયો હતો. વચ્ચે પડેલા આ યુવાનના ભાણેજને પણ ફડાકા મારી દેવામાં આવ્યા હતાં. આ બનાવમાં થોરાળા પોલીસે ભાવનગર રોડ ગંજીવાડા-૩૩માં અલ્તાફ પાનવાળીની ફરિયાદ પરથી રોહિત ગોરધનભાઇ વાલાણી, અશ્વીન ઉર્ફે ભુરી મકવાણા, રાહુલ વાલાણી અને અશ્વીન ઉર્ફે ભોડી લીંબડીયા વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

વિશેષ માહિતી અનુસાર કુંદન તેના માતા-પિતા-પત્નિ-પુત્ર, ભાઇ, ભાઇની પત્નિ સહિતની સાથે રહે છે અને છુટક મજૂરી કરી ગુજરાન ચલાવે છે. ફરિયાદની વિગત મુજબ ભાવનગર રોડ પર આવેલા ગંજીવાડા વિસ્તારમાં ઉછીના નાણાં આપવાની ના પાડવા જેવી નજીવી બાબતે ચાર શખ્સોએ એક યુવક પર પાઇપ અને ધોકા વડે હિંસક હુમલો કરી ગંભીર ઇજાઓ પહોંચાડી હોવાનો બનાવ સામે આવ્યો છે. આ હુમલામાં યુવકને ડાબા હાથમાં ફ્રેક્ચર સહિતની ઇજાઓ થતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

ઘટના અંગે ભોગ બનનારે થોરાળા પોલીસ મથકમાં ચાર હુમલાખોરો સામે નામજોગ ફરિયાદ નોંધાવી હતી. વધુ વિગત મુજબ ઓગણીસમીએ સવારે ચારેક વાગ્યે કુંદન ગંજીવાડા શક્તિ ચોક પાસેથી પોતાના ઘર તરફ જતો હતો એ વખતે મિત્ર અશ્વિન ઉર્ફે ભુરી, રોહિત, રાહુલ, અશ્વિન ઉર્ફે ભોડી અને કુંદનનો ભાણો સાગર કેશુભાઇ સાપરા ઉભા હતા. કુંદન ત્યાં ઉભો રહેતાં જ રોહિતે કુંદન પાસે હાથ ઉછીના રૂપિયાની માંગણી કરી હતી. કુંદને રૂપિયા આપવાની ચોખ્ખી ના પાડી દેતાં રોહિત ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળાગાળી કરવા લાગ્યો હતો.

આ વખતે કુંદનનો ભાણો સાગર વચ્ચે પડતાં રોહિતે તેને ફડાકા મારી દીધા હતા. આ પછી કુંદને ભાણેજ સાગરને ઘરે જતાં રહેવા કહ્યું હતું. ભાણેજ જતો રહ્યા બાદ રોહિત- તારી પાસે જે રૂપિયા છે તે આપ તેમ કહી ફરી માથાકુટ ચાલુ કરી હતી. કુંદને રૂપિયાની ના કહેતાં જ રોહિત સહિતનાએ ઢીકાપાટુનો માર મારી ધોકા-પાઇપના ઘા પણ ફટકાર્યા હતાં. લોકો ભેગા થઇ જતાં બધા ભાગી ગયા હતાં. આ હુમલા બાદ કુંદનને ડાબા હાથમાં અસહ્ય દુખાવા સાથે ગંભીર ઇજા થઈ હોવાથી તેણે ભાણેજ સાગર સાપરાને ફોન કરી બોલાવ્યો હતો અને સારવાર માટે સિવિલ હોસ્પિટલે પહોંચ્યો હતો.અહિ તબિબી તપાસ વખતે કુંદનને ડાબા હાથમાં ફ્રેકચર થયાનું નિદાન થયું હતું.

ઝપાઝપી વખતે કુંદનના ખિસ્સામાંથી રૂપિયા પણ પડી જતાં ગાયબ થયા હતાં. જે કોણ લઇ ગયું તેની તેને ખબર નથી. હોસ્પિટલમાં સારવાર બાદ કુંદને ફરિયાદ કરી હતી. આરોપીઓ તેના મિત્ર અને પરિચીત હોઇ શરૂઆતમાં ફરિયાદ નોંધાવવાનુ ટાળ્યું હતું. બાદમાં પોલીસને જાણ કરતાં થોરાળા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એસ. પી. સોઢાના માર્ગદર્શનમાં હેડકોન્સ્ટેબલ ચેતનભાઇ મકવાણાએ ફરિયાદ દાખલ કરી આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી.

### પત્નિ રીસામણે ગયા બાદ પરિવારથી અલગ ભાડે મકાન રાખીને રહેતો હતોઃ એકલતાથી કંટાળ્યાની શક્યતા

# કોન્ટ્રાક્ટરની મળી કોહવાયેલી લટકતી લાશ

**ઘરમાંથી ગંધ આવતી હોઇ પડોશીઓએ તપાસ કરતાં ઘટના જાહેર થઇઃ ઓમનગરની કરૂણ ઘટનાઃ અન્ય બનાવમાં ફેક્ટરીમાં વીસ ફુટ ઉંચાઇથી પટકાતાં યુવાનનું મોતઃ બેભાન હાલતમાં નવજાત બાળકી અને વૃધ્ધના મૃત્યુ થયા**

રાજકોટઃ તા.૨૧

માણસ ઘણીવાર પોતાની મહામુલી જિંદગીને અકાળે જાતે જ તછરોડી દેતો હોય છે. આવા પગલા પાછળ અલગ અલગ કારણો સામે આવતાં હોય છે અને ઘણીવાર તો કારણ પણ બહાર આવતાં હોતા નથી. આવી જ એક ઘટના મવડી વિસ્તારના ઓમનગર પાસે બની હતી. અહિ પટેલનગરમાં ભાડેથી રહેતાં કન્સ્ટ્રક્શન કોન્ટ્રાકટર યુવાનની તેના ઘરમાંથી લટકતી હાલતમાં કોહવાઇ ગયેલી અને દુર્ગંધ ફેલાવતી લાશ મળી આવતાં આસપાસના વિસ્તારમાં ચકચાર મચી ગઇ હતી. પત્નિ રીસામણે ગયા બાદ તે ભાડેથી એકલો રહેતો હતો અને ઘરના સદસ્યોને પોતે ક્યાં રહે છે તે પણ જણાવતો નહોતો. તેણે એકલતાથી કંટાળીને આપઘાત કરી લીધાનું પ્રાથમિક તારણ પોલીસ તપાસમાં નીકળ્યું હતું.



વિગતો પર નજર કરીએ તો મવડી વિસ્તારના ઓમનગર નજીક મુરલીધર સોસાયટીમાંથી ૨૯ વર્ષના યુવાનની લટકતી હાલતમાં કોહવાઇ ગયેલી લાશ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આ કન્સ્ટ્રક્શન કોન્ટ્રાકટર યુવાનના પત્નિ લાંબા સમયથી રીસામણે ગયા બાદ પરિવારથી અલગ આ યુવાન એકલો મકાન રાખીને રહેતો હતો. તેણે એકલવાયા જીવનથી કંટાળીને આપઘાત કરી લીધા બાદ લાશ કેટલાક દિવસ સુધી લટકતી રહી હોઇ કોહવાઇ ગયાનું પોલીસ તપાસમાં તારણ નીકળ્યું હતું. વધુ માહિતી અનુસાર ઓમનગર પાસે પટેલનગરમાં આવેલી મુરલીધર શેરી નં. ૧માં એક માનમાંથી અત્યંત દુર્ગંધ આવતી હોઇ આસપાસના લોકોએ પોલીસને જાણ કરી હતી. દરવાજો ખખડાવવા છતાં નહિ ખોલાતાં દરવાજો તોડવામાં આવ્યો હતો.

અંદર જોતાં અહિ થોડા દિવસ પહેલા જ ભાડેથી રહેવા આવેલા પાર્થભાઇ ભગવાનભાઇ પિત્રોડા નામના ઓગણત્રીસ વર્ષના લુહાર યુવાનની લટકતી હાલતમાં અને કોહવાઇ ગયેલી હાલતમાં લાશ જોવા મળતાં લોકો ચોંકી ગયા હતાં. ૧૦૮ને જાણ કરવામાં આવતાં તેના તબિબે પૂનમબેન પુરોહિતે આ યુવાનને મૃત જાહેર કર્યો હતો. તાલુકા પોલીસ સ્ટેશનના કીશનભાઇ અજાગીયા સહિતે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ પાર્થભાઇ પિત્રોડા ચાર બહેનનો એકનો એક નાનો ભાઇ હતો અને બાંધકામનો વ્યવસાય કરતો હતો. તેના લગ્ન આઠ વર્ષ પહેલા થયા હતાં. પત્નિ જાનકીબેન હાલ રિસામણે હોઇ પોતે ઘર પરિવાર છોડી એકલો રહેતો હતો.

પાર્થભાઇએ જ્યાં આપઘાત કર્યો તે મકાનના માલિક દિવ્યેશભાઇ ગોંડલયા છે. આ મકાન પાર્થભાઇએ થોડા દિવસ પહેલા જ ભાડે રાખ્યું હતું. તે ઘરના લોકોને પણ પોતાનું એડ્રેસ જણાવતો નહોતો. એકલતાથી કંટાળીને કે અન્ય કારણે ગળાફાંસો ખાઇ લીધા બાદ બે ત્રણ દિવસ સુધી લાશ લટકતી રહેવાથી કોહવાઇ ગયાનું પોલીસનું તારણ હતું. બનાવની પરિવારજનોને જાણ થતાં હોસ્પિટલે પહોંચ્યા હતાં. યુવાન દિકરાના આ પગલાથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

અપમૃત્યુના અન્ય ત્રણ બનાવ જોઇએ તો મોરબીમાં ટીંબડીના પાટીયા પાસે ફેબ્રીકેશન કંપનીમાં મજૂરી કરતો મુળ બિહારનો યુવાન વીસેક ફુટ જેટલી ઉંચાઇ પરથી અકસ્માતે પડી જતાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. ટીંબડી પાટીયા પાસે આવેલી સલાખે ફેબ્રીકેશન કંપનીમાં મજુરી કરતો ચોવીસ વર્ષનો અજય યોગેન્દ્રભાઇ શાહ નામનો યુવાન કંપની ખાતે કામ કરતો હતો ત્યારે વીસેક ફુટની ઉંચાઇ પરથી પટકાતાં ગંભીર ઇજા થતાં મોરબી સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.

પરંતુ અહિ દમ તોડી દેતાં હોસ્પિટલ દ્વારા ગાંધીગ્રામ પોલીસને જાણ કરાઇ હતી. મૃત્યુ પામનાર અજયકુમાર ચાર બહેન અને બે ભાઇમાં નાનો હતો. તેને સંતાનમાં એક દિકરી છે. મુળ બિહારના પરિવારમાં આ બનાવને પગલે ગમગીની વ્યાપી ગઇ હતી. ગાંધીગ્રામ પોલીસે પ્રાથમિક કાગળો કરી મોરબી પોલીસને જાણ કરી હતી.

જ્યારે અન્ય બનાવોમાં ગોંડલ રોડ કાઠીયાવાડ બાલાશ્રમમાં રખાયેલી પાંચ મહિનાની કારવી નામની બાળકીની તબીયત બગડતાં બિમાર થઇ જતાં મૃત્યુ થતાં આ અંગેની જાણ ભક્તિનગર પોલીસને થતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. તેમજ બીજા બનાવમાં સહકાર સોસાયટી મેઇન રોડ મેઘાણીનગર-૧૨માં રહેતાં મનસુખભાઇ બચુભાઇ કીયાડા નામના અડસઠ વર્ષના વૃધ્ધ ઘરે બેભાન થઇ જતાં સારવરા દરમિયાન મૃત્યુ થતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આમ વધુ ચાર લોકોના અલગ અલગ કારણોસર મૃત્યુ થયા હતાં.

# ડ્રેનેજમાં કરોડોના ધુમાડા છતાં ૨.૭૬ લાખથી વધુ ફરિયાદો!



## સુદ્રઢ વ્યવસ્થાના અભાવથી તંત્રની નિષ્ફળતા : રોજની સરેરાશ ૭૫૦થી વધુ ફરિયાદો દર્શાવે છે કે શહેરનું ડ્રેનેજ નેટવર્ક તૂટી પડવાના આરે

રાજકોટ, તા. ૨૧

રાજકોટ શહેરના ઝડપી શહેરીકરણને ધ્યાનમાં રાખીને નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ સક્ષમ રીતે મળી રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભુગર્ભ ગટર વ્યવસ્થાને વધુ સુદ્રઢ, કાર્યક્ષમ અને વિસ્તૃત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ હેતુસર કેન્દ્ર અને રાજ્ય સરકારની અમૃત-૨.૦ યોજના, એસ.જે.એમ.એમ.એસ.વી.વાય. યોજના તેમજ મહાનગરપાલિકાના સ્વભંડોળ હેઠળ વિવિધ સ્તરે કામગીરી કરવામાં આવી રહી છે.

જેમાં નવા ડ્રેનેજ નેટવર્ક, હાઉસ કનેક્શન, ડ્રેનેજ અપગ્રેડેશન, નિયમિત સફાઈ અને મેઈન્ટેનન્સના કામોનો સમાવેશ થાય છે.

### ચોમાસું માથે છતાં કામગીરી અધૂરીઃ નાગરિકોના જીવ જોખમમાં

મહાનગરપાલિકા ડિસેમ્બર ૨૦૨૬ સુધી ૧00% ડ્રેનેજ સુવિધાનો દાવો કરે છે અને ૯૮% કામગીરી પૂર્ણ થયાનું બતાવે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, બાકી રહેતી કામગીરી ''ચોમાસા બાદ'' પૂરી કરવાની વાત કરીને તંત્રે પોતે જ કબૂલ્યું છે કે ચોમાસા દરમિયાન નાગરિકોએ હાલાકી ભોગવવી પડશે. વોર્ડ નં. ૪, ૧૫, ૧૬ અને ૧૮ જેવા ગીચ વિસ્તારોમાં હજુ સુધી માત્ર અંદાજપત્ર જ બની રહ્યા છે! ફંડ એલોકેશન અને વહીવટી પ્રક્રિયા ચોમાસાના ટાણે પણ ''પ્રગતિ હેઠળ'' દર્શાવાઈ રહી છે.

### વારંવાર સર્જાતી સમસ્યાઓનું કાયમી નિવારણ અને અપગ્રેડેશન

માત્ર તાત્કાલિક ચોકઅપ દૂર કરવાને બદલે તંત્ર દ્વારા ટેકનિકલ સર્વેના આધારે કાયમી ઉકેલ તરફ પગલાં લેવામાં આવી રહ્યા છે. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે મુખ્યત્વે ઘન કચરો ડ્રેનેજ લાઈનમાં ફેંકાવવાને કારણે ઓવરફ્લોની સમસ્યા વારંવાર સર્જાય છે.સ્લમ વિસ્તારોમાં નિયમિત સફાઈ ઉપરાંત સમર્પણ પાર્ટી પ્લોટ, જૂનો મોરબી રોડ, પરશુરામ ઈન્ડસ્ટ્રીઝ, જંગલેશ્વર આવાસ, ખોડીયારપરા, સોલવન્ટ વિસ્તાર, શ્રદ્ધા પાર્ક, મોટા મવા જેવા વિસ્તારોમાં ડ્રેનેજ લાઈનના અપગ્રેડેશન તથા નવી લાઈનો માટે આયોજન, ટેન્ડરિંગ અને અમલીકરણ હાથ ધરાયું છે.

### માત્ર એક જ વર્ષમાં ૨.૭૬ લાખથી વધુ ફરિયાદોઃ સુદ્રઢ વ્યવસ્થા કે તંત્રની નિષ્ફળતા?

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભુગર્ભ ગટર વ્યવસ્થાને સુદ્રઢ બનાવવાના મોટા મોટા દાવો કરવામાં આવી રહ્યા છે, પરંતુ તંત્રના જ આંકડાઓ તેની હકીકત વ્યક્ત કરે છે. ૧૦ જુલાઈ ૨૦૦૨૬ થી શહેરમાં ડ્રેનેજ ઓવરફ્લોની ૨,૭૬,૯૪૪ ફરિયાદો નોંધાઈ છે. રોજની સરેરાશ ૭૫૦થી વધુ ફરિયાદો દર્શાવે છે કે શહેરનું ડ્રેનેજ નેટવર્ક તૂટી પડવાના આરે છે. જો વ્યવસ્થા સક્ષમ હોય તો આટલી વિશાળ સંખ્યામાં ગટરો ઉભરાવાની નોબત કેમ આવી?

### એક્શન પ્લાન અને લક્ષ્યાંક

શહેરના જૂના ડ્રેનેજ નેટવર્કના રીનોવેશન અને ક્ષમતાવર્ધન માટે ભવિષ્યનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં હાલમાં વોર્ડ નં. ૪, ૧૫, ૧૬ અને ૧૮ માટે ડ્રેનેજ ક્ષમતાવર્ધન/અપગ્રેડેશન માટેનું અંદાજપત્ર તૈયાર થઈ ગયું છે અને જરૂરી ફંડ એલોકેશન તેમજ વહીવટી પ્રક્રિયા પ્રગતિમાં છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં શહેરના ૧00% હાઉસહોલ્ડને ડ્રેનેજ સુવિધા પૂરી પાડવાનો લક્ષ્યાંક છે, જેમાંથી ૯૮% લક્ષ્યાંક સિદ્ધ થઈ ચૂક્યો છે. બાકી રહેતી ૨% કામગીરી ચાલુ ચોમાસાની ઋતુ પૂર્ણ થયા બાદ તુરંત જ પૂરી કરવામાં આવશે.

### કરોડો રૂપિયાના અંધાધૂંધ ખર્ચ છતાં પરિણામ ''શૂન્ય''

મહાનગરપાલિકા દ્વારા માત્ર એક વર્ષમાં ડ્રેનેજ સફાઈ અને ડી-સિલ્ટિંગ પાછળ રૂ. ૪.૪૧ કરોડથી વધુ રકમ ખર્ચી નાખવામાં આવી છે. ચોકઅપ દૂર કરવાની કામગીરી ખાનગી એજન્સીઓ/કોન્ટ્રાક્ટરોને સોંપી દેવાઈ છે. મનપાનો સ્ટાફ માત્ર નિરીક્ષક બનીને બેઠો છે. કરોડોના ખર્ચ છતાં માત્ર ''તાત્કાલિક સફાઈ''થી સંતોષ માની લેવાય છે, કોઈ નક્કર કાયમી તકનીકી કામગીરી દેખાતી નથી.

### સફાઈ, ડી-સિલ્ટિંગ અને વાર્ષિક મેઈન્ટેનન્સ

છેલ્લા એક વર્ષ દરમિયાન શહેરના તમામ ૧૮ વોર્ડમાં ડ્રેનેજ વ્યવસ્થા સુચારૂ રહે તે માટે સઘન સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી છે. ગટરની લાઈનો, મેનહોલ અને ચોકઅપ દૂર કરવાની નિયમિત કામગીરી પાછળ રૂ. ૪૪૧.૯૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ કામગીરી ટેન્ડર પ્રક્રિયા દ્વારા નિયુક્ત એજન્સીઓ દ્વારા કરવામાં આવે છે અને તંત્ર દ્વારા તેનું સતત અને નિયમિત મોનિટરિંગ કરવામાં આવે છે.

---

**૧૫૦ ફૂટ રીંગ રોડને મળશે નવરૂપ**

# ગોંડલ રોડથી માધાપર ચોકડી સુધી ટ્રાફિક મુક્ત સ્માર્ટ કોરિડોર

**SVNIT સુરતનો તકનીકી માસ્ટરપ્લાનઃ સર્વેક્ષણ પૂર્ણ, હવે અંતિમ અંદાજપત્રની તૈયારીઃ જીઓમેટ્રિક રી-ડીઝાઇનઃ સર્કલ્સ, સર્વિસ રોડ અને ડ્રેનેજ સિસ્ટમમાં થશે મોટા ફેરફાર**



રાજકોટ, તા..૨૧

રાજકોટ શહેરના વાહનવ્યવહારની મુખ્ય ધમની સમાન ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલ ગોંડલ રોડ ચોકડીથી માધાપર ચોકડી સુધીનો વિસ્તાર છેલ્લા કેટલાક વર્ષોથી સતત વધતા જતા ટ્રાફિકના ભારણથી પ્રભાવિત થયો છે. શહેરી વિસ્તારનો વ્યાપ, વાહનોની વધતી સંખ્યા અને આંતરરાજ્ય તથા આંતરજિલ્લા ટ્રાફિકની અવરજવરને કારણે આ માર્ગ પર અવારનવાર ટ્રાફિક જામ અને અકસ્માતનો ભય રહે છે. આ સમસ્યાના કાયમી અને વૈજ્ઞાનિક ઢબે ઉકેલ લાવવાના હેતુથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ સમગ્ર માર્ગને આધુનિક જરૂરિયાતો મુજબ 'રી-ડીઝાઇન' કરવાનો એક મહત્વકાંક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સંવેદનશીલ અને તકનીકી સુધારાત્મક કામગીરી માટે દેશની અત્યંત પ્રતિષ્ઠિત ટેકનિકલ સંસ્થા સરદાર વલ્લભભાઇ નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (જીટગઈઝ) - સુરતની પસંદગી કરવામાં આવી છે. મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટી દ્વારા જરૂરી મંજૂરી અને ઠરાવ પસાર કર્યા બાદ આ પ્રોજેક્ટની જવાબદારી જીટગઈઝને સોંપવામાં આવી હતી.જીટગઈઝ સુરતના તજજ્ઞો દ્વારા માર્ગના પુનઃનિર્માણ માટે જરૂરી એવા તમામ પ્રાથમિક અને ટેકનિકલ અભ્યાસો પૂર્ણ કરી લેવામાં આવ્યા છે. આ અંતર્ગત સંસ્થા દ્વારા માર્ગ પરથી પસાર થતાં વાહનોની ગતિ અને ઘનતા જાણવા માટે 'ટ્રાફિક વોલ્યુમ સર્વે', માર્ગના ભૌગોલિક સ્થાન અને જમીનની સ્થિતિ સમજવા માટે 'ટોપોગ્રાફી સર્વે', તથા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા તપાસવા માટે 'હૈયાત સ્ટ્રોમ વોટર પાઇપ લાઇન' અને ભૂગર્ભમાં રહેલી અન્ય યુટીલીટીઓ (જેવી કે પાણી, ગેસ અને વીજળીની લાઈનો)નું બારીકાઈથી મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. આ સર્વેક્ષણ અને એનાલીસીસ રિપોર્ટના આધારે સંસ્થા દ્વારા સમગ્ર આર.ઓ.ડબલ્યુ. (છ્ષાલર્વિંજ્ઞર ઠ્ઠ્ઠુ - રોડની કુલ ઉપલબ્ધ પહોળાઈ)નો શ્રેષ્ઠ ઉપયોગ થઈ શકે તે માટે નવી જીઓમેટ્રિક ડીઝાઇન અને તેના વિવિધ વિકલ્પો રજુ કરવામાં આવ્યા છે.હાલના તબક્કે, જીટગઈઝ દ્વારા આપવામાં આવેલા ડીઝાઇનિંગ ઓપ્શન્સ અને સુચનોને આધારે સમગ્ર યોજનાનું વિગતવાર અંદાજપત્ર (ઉડછ) બનાવવાની કામગીરી પૂર્ણતાના આરે છે. આ અંદાજપત્ર તૈયાર થઈ ગયા બાદ આગળની પ્રક્રિયા રૂપે ટેન્ડરિંગ હાથ ધરીને ભૌતિક કામગીરી શરૂ કરવામાં આવશે. આ યોજના પૂર્ણ થવાથી ૧૫૦ ફુટ રીંગ રોડ પર વાહનવ્યવહાર વધુ ઝડપી, સુરક્ષિત અને સુવ્યવસ્થિત બનશે. આ રી-ડીઝાઇનિંગ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી ૧૫૦ ફુટ રીંગ રોડ પર ટ્રાફિકનું ભારણ ઘટશે, વાહનોની સ્પીડમાં સાતત્ય જળવાશે અને રાજકોટવાસીઓને એક સુંદર, સુરક્ષિત અને આધુનિક માર્ગ ઉપલબ્ધ થશે.

### SVNIT દ્વારા રજૂ કરવામાં આવેલી નવી ડીઝાઇનમાં ફેરફારો

- જંકશન અને સર્કલ સુધારણાઃ

માર્ગ પર આવતી તમામ મુખ્ય ચોકડીઓ અને સર્કલ્સને જીઓમેટ્રિક રીતે સુધારવામાં આવશે, જેથી વાહનોના વળાંક લેતી વખતે કે રોડ ક્રોસ કરતી વખતે સર્જાતા ટ્રાફિક પોઇન્ટ્સ ઘટે અને અકસ્માતો અટકે.

- ડ્રેનેજ સિસ્ટમમાં સુધારોઃ

વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે હૈયાત સ્ટ્રોમ વોટર ડ્રેઇન અને કેચપીટમાં જરૂરી ટેકનિકલ ફેરફારો કરવામાં આવશે, જેથી ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યા નિવારી શકાય.

- માર્ગ સુરક્ષા અને મલ્ટીફંકશનલ ઝોનઃ

પદયાત્રીઓ અને સાયકલ સવારોની સુરક્ષા માટે સાયકલ ટ્રેકની કાળજીપૂર્વક પુનઃરચના કરાશે. આ ઉપરાંત વાહનોના વ્યવસ્થિત પાર્કિંગ, ફુટપાથ અને અન્ય નાગરિક સુવિધાઓ માટે 'મલ્ટીફંકશનલ ઝોન' અને સરળ વાહનવ્યવહાર માટે સર્વિસ રોડની સુવિધા ઉભી કરવામાં આવશે.

- સૌંદર્યીકરણ અને રોશનીઃ

માર્ગને માત્ર ટ્રાફિક-મુક્ત જ નહીં પરંતુ નયનરમ્ય બનાવવા માટે ગાર્ડનીંગ, લેન્ડસ્કેપિંગ અને આધુનિક લાઈટિંગ (રોશની) દ્વારા બ્યુટીફીકેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.

---

**મનપાની વેરા વસુલાતાની સ્લમ વિસ્તારમાં પણ આકારણી ચાલુ**

# વર્ષ ૨૦૨૬-૨૭ માટે ૪૮૧૬ નવી આકારણી

**ગત વર્ષમાં ૧૫,૭૦૫ નવી આકારણી તથા કુલ ૫,૯૭૫ રીવાઈઝ આકારણી કરવામાં આવી 'તી**



રાજકોટ, તા. ૨૧

વેરાવસૂલાત શાખા દ્વારા ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ૧૫,૭૦૫ નવી આકારણી તથા કુલ ૫,૯૭૫ રીવાઈઝ આકારણી કરવામાં આવેલ હતી. તેમજ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન તા. ૧૪-૦૭-૨૦૨૬ સુધીમાં કુલ ૪,૮૧૬ નવી આકારણી તથા કુલ ૧,૫૯૦ રીવાઈઝ આકારણી કરવામાં આવેલ છે.

સ્લમ એરીયાની આકારણી માટે અલગથી કોઈ વિશેષ જોગવાઈ નથી, પરંતુ સ્લમ એરિયાની મિલકતોની આકારણી અન્ય સામાન્ય વિસ્તારની માફક જ કરવામાં આવે છે. આ માટે મિલકતના વેચાણ અંગેના ઉત્તરોત્તર આધારો, બાંધકામના આધારો તથા વપરાશના આધારો ધ્યાને લેવામાં આવે છે. આ ઉપરાંત, સૂચિત તેમજ સરકારશ્રી હસ્તકની જમીનના કિસ્સામાં કલેક્ટરશ્રીનું એન.ઓ.સી. (ગઘઈ) તથા રાજકોટ મહાનગરપાલિકાની માલિકીની જમીનના કિસ્સામાં ટાઉન પ્લાનિંગ (ઝ.ઙ.) શાખાનું એન.ઓ.સી. મેળવીને જ આકારણી કરવામાં આવે છે.

રાજકોટ મહાનગરપાલિકાની આકારણીના રેકર્ડનો ઉપયોગ મિલકતધારક દ્વારા ડ્રુક્ષ્ટઈક (વીજ જોડાણ) અને ગેસ કનેક્શન મેળવવા માટે તેમજ પોલીસ અને કોર્ટ દ્વારા મિલકતોની સત્તાવાર ઓળખ માટે આધાર તરીકે કરવામાં આવે છે. ભૂતકાળમાં રાજકોટ મહાનગરપાલિકાની આકારણીનો આધાર લઈ ગેરકાયદે દબાણ દૂર કરવાની પ્રક્રિયા વખતે મિલકતધારકો દ્વારા કોર્ટમાંથી સ્ટે ઓર્ડર મેળવવાના અનુભવો થયેલા છે. તેથી જ, ભવિષ્યમાં આકારણીને કારણે કોઈ કાયદાકીય કે ન્યાયિક પ્રશ્નો ઉભા ન થાય તે હેતુથી નિયત એન.ઓ.સી. મેળવ્યા બાદ જ આકારણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. જોકે, એન.ઓ.સી. મેળવવામાં થતા વિલંબ તથા સ્થાનિક પરિસ્થિતિઓના કારણે ઘણી વખત આકારણીની કામગીરીમાં સમય લાગતો હોય છે, જેનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

વિશેષમાં, સ્લમ વિસ્તારો મોટા ભાગે સરકારી જમીન અથવા ખરાબાની જમીન પર બનેલા હોવાથી તે કોઈપણ સમયે ડિમોલિશન (દૂર કરવા)ને પાત્ર હોય છે.

આવી મિલકતો પર આકારણી કરવાથી વેરો વસૂલ થઈ શકતો નથી અને પાલિકાના ચોપડે ખોટું માંગણું (વેરા બાકી) વધતું રહે છે. તેમજ ડિમોલિશન સમયે આ વિસ્તારના મિલકત ધારકો આ વેરા-બીલને લાંબા સમયના રહેઠાણના પુરાવારૂપે રજુ કરી કોર્ટમાંથી સ્ટે મેળવવાના પ્રયાસો કરતા હોય છે. આ તમામ બાબતોને ધ્યાને રાખીને જ યોગ્ય એન.ઓ.સી. ચકાસણી બાદ જ આકારણી કરવાની નીતિ અમલમાં રાખવામાં આવી છે.

સ્લમ વિસ્તારોમાં કાયદાકીય જટિલતાઓ અને જમીનની માલિકીના પ્રશ્નો રહેલા હોવાથી યોગ્ય ચકાસણી અને ગઘઈ વગર આકારણી કરવી જોખમી છે. ગઘઈ પ્રક્રિયામાં થતા વિલંબ અને સ્થાનિક અડચણોને ધ્યાને લઈ, નાગરિકોની સુવિધા અર્થે આ પ્રક્રિયાનો સત્વરે અને ઝડપી નિકાલ થાય તે મુજબની કામગીરીનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

### છેલ્લા બે નાણાકીય વર્ષ દરમિયાન કરવામાં આવેલ કામગીરી

નવી અને રીવાઈઝ આકારણીના આંકડા નીચે મુજબ છેઃ
- ગત નાણાકીય વર્ષ (૨૦૨૫-૨૬):
નવી આકારણીઃ ૧૫,૭૦૫
રીવાઈઝ આકારણીઃ ૫,૯૭૫
- ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૬-૨૭ - તા. ૧૪-૦૭-૨૦૨૬ સુધી):
નવી આકારણીઃ ૪,૮૧૬
રીવાઈઝ આકારણીઃ ૧,૫૯૦

### આકારણી રેકર્ડનો ઉપયોગ અને NOCની જરૂરિયાતનું મહત્વ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતું આકારણી રેકર્ડ અને વેરા-બીલ માત્ર કર વસૂલાત પૂરતું મર્યાદિત ન રહેતા અન્ય સરકારી અને કાયદાકીય પ્રક્રિયાઓમાં અગત્યના પુરાવા તરીકે વપરાય છેઃ

- અન્ય સેવાઓ માટે આધારઃ
મિલકતધારકો દ્વારા ડ્રુક્ષ્ટઈક (વીજ જોડાણ), ગેસ કનેક્શન મેળવવા માટે તેમજ પોલીસ વિભાગ અને કોર્ટ દ્વારા મિલકતની ઓળખ માટે આ રેકર્ડનો ઉપયોગ થાય છે.
- ગેરકાયદે દબાણો અને કાયદાકીય અડચણોઃ ભૂતકાળના અનુભવો મુજબ, સરકારી કે પાલિકાની જમીન પરના ગેરકાયદે દબાણો દૂર કરવાની કાર્યવાહી વખતે મિલકતધારકો મહાનગરપાલિકાના આકારણી બીલને લાંબા સમયના રહેઠાણના આધાર તરીકે રજૂ કરી કોર્ટમાંથી સ્ટે ઓર્ડર (જીકુંં ઘમિચી) મેળવવાનો પ્રયાસ કરે છે. આથી, ભવિષ્યમાં કોઈ કાયદાકીય પ્રશ્નો કે વિવાદો ઉભા ન થાય તે હેતુથી નિયત ગઘઈ મેળવ્યા બાદ જ આકારણી હાથ ધરવામાં આવે છે.

### સત્તાવાર જોખમો અને પડકારો

સ્લમ વિસ્તારો મુખ્યત્વે સરકારી જમીન અથવા ખરાબાની જમીન પર બનેલા હોવાથી તે કોઈપણ સમયે ડિમોલિશન (દૂર કરવા)ને પાત્ર હોય છે.

- બિન-વસૂલાત અને ખોટું માંગણુંઃ
ડિમોલિશન પાત્ર અથવા અસ્થાયી મિલકતો પર આકારણી કરવાથી વેરો વસૂલ થઈ શકતો નથી, જેના કારણે પાલિકાના ચોપડે બિન-જરૂરી અને ખોટું માંગણું વધતું રહે છે.
- કામગીરીમાં વિલંબઃ
સ્થાનિક સ્તરની વિષમ પરિસ્થિતિઓ અને વિવિધ વિભાગોમાંથી ગઘઈ મેળવવામાં થતા સમયના કારણે આકારણીની કામગીરીમાં વિલંબ થાય છે.